# પ્રસાદ




## - શ્રી યોગેશ્વરજી

## NOTICE

### સર્વ હક્ક લેખકને સ્વાધીન


**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * * * *




e-book

| | |
|---|---|
| Title | : Prasad |
| Language | : Gujarati |
| Version | : 1.0 |
| Pages | : 133 |
| Created | : June 30, 2009. |


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * * * *

## પ્રસ્તાવના



અત્યાર સુધીમાં પ્રકાશિત થયેલા મારા કાવ્યસંગ્રહોને કાવ્યપ્રેમી ગુણગ્રાહી વાચકવર્ગે તથા સાહિત્યરસિકોએ અને વિવેચકોએ આવકાર્યા છે. એથી ઉત્સાહિત બનીને આ એક અન્ય કાવ્યસંગ્રહ જનતા સમક્ષ પ્રસ્તુત કરું છું.

આ સંગ્રહ મોટે ભાગે ગીતસંગ્રહ છે.

સંગ્રહમાંનાં ગીતો અધિકતર વરસો પહેલાં રચાયલાં છે. અભિનવ ગીતો બહુ થોડા છે. તોપણ એ વરસો પછી પણ પ્રકાશનને યોગ્ય લાગે છે એ જ એમની ગુણવત્તા બતાવે છે.

આદર્શ સાહિત્ય કાળાતીત કહેવાય છે એ સાચું છે.

રસિકો આ સંગ્રહનો લાભ લેશે ને પ્રેરણા તથા પ્રસન્નતા પામશે એવી અપેક્ષા વધારે પડતી અથવા અસ્થાને નથી જ.

**- યોગેશ્વર**

* * * * *

## અનુક્રમણિકા

૧. પ્રીત પુરાણી
૨. અમીમય આંખ પર
૩. ચાહવા ખાતર ચાહું
૪. તીખી તરસ
૫. કવિને
૬. કાળની યાદ
૭. કવિતાના બોલ
૮. સ્મિત
૯. પ્રવાસીને
૧૦. કવિજનને
૧૧. વિરહમિલનનો ખેલ
૧૨. સાધકને
૧૩. વેળા વીતી જાયે
૧૪. જીવન
૧૫. નામનો વેપાર
૧૬. જીવન કેવું
૧૭. કાળ
૧૮. સમાધિ
૧૯. છાંય
૨૦. પ્રેમનગરના વાસી
૨૧. એવો યોગ કરું
૨૨. પ્રેમનો મહિમા
૨૩. જીવતા દેવને
૨૪. અંતસમે
૨૫. કૃપાનો પ્રભાવ
૨૬. શું કરું?
૨૭. તમારું રૂપ
૨૮. રાગની રીત
૨૯. તમારા વિના
૩૦. દર્પણમાં જુઓ તો
૩૧. મહિષાસુર
૩૨. શિકારીને
૩૩. બીન
૩૪. કવિનું હૃદય
૩૫. ભાગ્ય
૩૬. દાંભિકને
૩૭. સાધકને
૩૮. ઉર
૩૯. જે....તે
૪૦. ખીલે જેવું ફૂલ
૪૧. ભાવના ભીના
૪૨. દીવો
૪૩. પ્રશસ્તિ
૪૪. ડગે ના
૪૫. ભાવના
૪૬. કરો મન
૪૭. સૂચન
૪૮. અમીરસ
૪૯. વીણા
૫૦. પ્રેમીને
૫૧. વ્હાલ તણી વીણા
૫૨. મિલન
૫૩. મૂર્તિ તમારી
૫૪. આવો
૫૫. તમારું રૂપ
૫૬. રાત
૫૭. હવે ના
૫૮. પરમ ધન
૫૯. પ્રભુની પ્રીત
૬૦. આજની રાત
૬૧. દરેક વખતે
૬૨. પ્રતિમામાં
૬૩. વ્હાલમને
૬૪. સંતોષ
૬૫. પ્રેમ
૬૬. મધુરા મિલને
૬૭. શરણ
૬૮. હિંમતનું હથિયાર
૬૯. પ્રાર્થના
૭૦. સાગર
૭૧. દર્શનની ઈચ્છા
૭૨. આશરો
૭૩. અરજી
૭૪. સ્મરણ
૭૫. આંખ મળી આંખે
૭૬. ઝરણાંની ભાવના
૭૭. બડભાગ
૭૮. વિરહ
૭૯. મોહિની
૮૦. સમાધિ શું કરવી ?
૮૧. પ્રેમીને
૮૨. પ્રેરણાદેવી
૮૩. યોગીને
૮૪. ચાહના
૮૫. પ્રાર્થના
૮૬. આહ્વાન
૮૭. પ્રેમ કરી લે

૮૮. ક્યા કરના થા
૮૯. પીંજર રાખો
૯૦. તંબૂરો
૯૧. મધુર
૯૨. રંગ
૯૩. સ્મરણ
૯૪. પ્રભુ પ્રેમ
૯૫. શાન્તિ
૯૬. અવતાર લો
૯૭. પાવન પળ
૯૮. ભેદ
૯૯. આવું તે શું કરે
૧૦૦. નહિ વિસારું
૧૦૧. ગીતાની આરતી
૧૦૨. ગીતાની સ્તુતિ
૧૦૩. વેણુને શું થયું?
૧૦૪. મેળ ન મળે
૧૦૫. જીવનના પુણ્યપ્રવાસે
૧૦૬. માતાને
૧૦૭. જ્ઞાનેશ્વરને
૧૦૮. જાસુસોથી
૧૦૯. રઢિયાળી રાત
૧૧૦. પ્રીત
૧૧૧. પૂર્વસ્મૃતિ
૧૧૨. આશા
૧૧૩. એક માગું છું
૧૧૪. પ્રિયને પરિત્યાગે
૧૧૫. મોતી
૧૧૬. પ્રશ્ન
૧૧૭. ખોવાઈ ગયું.
૧૧૮. ક્યાં જઈએ?
૧૧૯. રાધા કરે
૧૨૦. છૂટાં પડી શકો છો
૧૨૧. યાદ રાખજો પ્રીત




* * * * *

## ૧. પ્રીત પુરાણી

જનમજનમની પ્રીત પુરાણી.

નથી આજની તે પ્રકટેલી, આ જન્મમહીં તેમ ઉગેલી;
ભવભવના ભાવ ભર્યા હૈયે, વાત પહેલેથી મેં જાણી.. જનમજનમની

નિશદિન અંતર પૂજે તમને, સ્તવે સવારે સાંજે વાણી;
સેવા કરે તમારી તનમન, ઈન્દ્રિયો પણ બનતાં શાણી... જનમજનમની.

ગમે તે સ્થળે, ગમે તે સમે, દિલડું મારૂં થાયે ધ્યાની;
કોમળ કેશ, મધુર મુખ વિલસે, આંખે તેમ કુસુંબલ પાની... જનમજનમની.

આંખ અમીમય, અંગ અલૌકિક, રોમરોમમાં રસની ખાણી;
પ્રથમ દર્શને કૈં દિવસોથી, વર્યો તમોને જીવન જાણી... જનમજનમની.

જનમજનમ હો પ્રીત અનેરી, મન લો મધુને મંગલ માણી;
પાગલ અર્ઘ્ય ધરૂં અંતરનો, સ્વર્ગ વિભવ ને મુક્તિ માની... જનમજનમની

* * * * *


## ૨. અમીમય આંખ પર

એ અમીમય આંખ પર આ દિલ ગયું વારી.
કેમ પાછું તે ફરે હા, પ્રાણને ઢાળી ... એ અમીમય

ઉષાના રંગે ભરેલી આંખ રસ-પ્યાલી,
મળી આંખે ત્યાં જ હૈયા થૈ ગયા ખાલી;
મૂર્તિ અંકિત થૈ હ્રદયમાં કરી મધુ ક્યારી ... એ અમીમય.

ઉમંગેભર કોક નિર્ઝર જેમ મારો પ્રાણ,
કૈંક વરસોથી વહેતો સુધાકેરી લ્હાણ;
નેહની એક જ નજરમાં દીધો ઓવારી ... એ અમીમય.

અંતરે આનંદ વ્યાપ્યો, શોક દૂર થયો,
ભીતિ ભાગી, ભેદ ત્યાગી, પ્રાણ મુક્ત બન્યો;
રૂપ જોતાવેંત પાગલ હૈયું ગયું હારી ... એ અમીમય



* * * * *

### ૩. ચાહવા ખાતર ચાહું

હું તો તને ચાહવા ખાતર ચાહું.

દુઃખના ડુંગર છોને પડે,
‘કરી દૂર દે’ એમ ન ગાઉં ... હું તો તને.

જ્ઞાનની વાતોને ભૂલી જઉં ભલે,
જ્ઞાનની માંગ ના લાવું ... હું તો તને.

વૈભવ માંગું ના, રંક ભલે રહું,
ફૂટી બદામ ન ચાહું ... હું તો તને.

પ્રેમ નથી મારો જ્ઞાનને માટે,
વૈભવ દુઃખ નિવારણ સાટે;
ગમે તે વેશમાં, રાખે તે દેશમાં,
આશિષ આપ કે ભૂલું તને ના,
નેહે નિરંતર ન્હાઉં ... હું તો તને.



* * * * *

## ૪. તીખી તરસ

તીખી તરસ ગઈ લાગી.

મિલન માધુરી માટે તલસે અંતર અનુરાગી;
ઊંડે ઊંડે અવિરત એવી વેણુ રહી વાગી... તીખી

કેટલાય દિવસોથી પ્રાણે પ્રીત ગઈ જાગી;
પ્રતિપળ બનતી જાય પ્રબળ એ, ભીતિ ગઈ ભાગી... તીખી

મનડે મૈત્રી કરી તમારી, બીજાની ત્યાગી;
ભજે તમોને રટે નિરંતર, એવી લહે લાગી... તીખી

કેમે કરતાં મટે નહીં તે, વધતી વણમાગી;
'પાગલ' કાયાને માગે કેવલ વરણાગી... તીખી



* * * * *

## ૫. કવિને

જડતાના છવાયાં છે જાળાં બધે, વળી દુઃખના વાદળ છે ઉમટ્યાં;
રવિ છેક છુપાયો વિવેકતણો, તમ ગાઢ છે અજ્ઞાનતાનાં ઉલટ્યા.
ત્યારે રેલ પ્રકાશ પવિત્ર જરી, તારો ધર્મ વિચારી ઋષિ, ઉઠ હે;
કવિ, કામની ત્યારે કરી કવિતા, જગને નવજીવનનું સુખ દે

કિરણો મધુ રેલ પ્રકાશતણાં, વરસાવ વળી ઉરથી કરુણા;
વિષ વ્યાપી રહ્યું ડગલેપગલે, દિવસે દિવસે વધે વેરવ્યથા.
ત્યારે શાંત વહાવ સુધારસ તું, તારો ધર્મ વિચારી ઋષિ, ઉઠ હે;
કવિ, કામની ત્યારે કરી કવિતા, જગને નવજીવનનું સુખ દે

સજી સત્યના સાજ અસત્ય રચે, વળી દંભ ને દર્પ બધેય ભમે;
અભિમાન ને સ્વાર્થની સાંકળમાં જન બધ્ધ થયા; કહે કોને ગમે ?
ત્યારે સત્ય સ્વતંત્રતા મંત્ર લઈ તારો ધર્મ વિચારી ઋષિ, ઉઠ હે;
કવિ, કામની ત્યારે કરી કવિતા, જગને નવજીવનનું સુખ દે.

બહુ ગાયા સંગીત તેં ભાવભર્યા, સુરા સુંદરી પ્રકૃતિ ને જનના;
જગપ્રાણ હજી પણ ગીત ચહે, પરમાણુ હજીય અતૃપ્ત રહે.
ત્યારે કૈંક અલૌકિક ગાવાતણો, તારો ધર્મ વિચારી ઋષિ, ઉઠ હે;
કવિ, કામની ત્યારે કરી કવિતા, જગને નવજીવનનું સુખ દે.

રડતાના નથી હજુ આંસુ ખુટ્યા, નથી સાજાં થયાં વળી હૈયાં તુટ્યા;
ભુખ દર્દ કુસંપ ને યુધ્ધતણી વિકરાળ વધ્યે જાય જ્વાલા તણી.
ત્યારે દિવ્યતાદૂત થઈ જલદી તારો ધર્મ વિચારી ઋષિ, ઉઠ હે;
કવિ, કામની ત્યારે કરી કવિતા, જગને નવજીવનનું સુખ દે.

વસુધા નથી એક કુટુંબસમી, ભય ભેદની તેમ ન હોળી શમી;
શિવ સુંદર સત્યની સાધનામાં રહી સેવા તણી ન સુવાસ રમી.
ત્યારે આંખડી ખોલ અનેરી હવે તારો ધર્મ વિચારી ઋષિ, ઉઠ હે;
કવિ, કામની ત્યારે કરી કવિતા, જગને નવજીવનનું સુખ દે.

કવિતા બન તું બસ આજ હવે, કવિના કવિની કર પ્રીત હવે,

પછી જીવન દિવ્ય પ્રકાશ ધરે, કિરણો જડચેતનમાં પ્રસરે;
જગ નૂતન જીનવજ્યોત લભી સુખ શાંતિ સમૃધ્ધિમાં સ્નાન કરે,
કવિ, કામની થા કવિતા તું ભલે, મને દિવ્ય સંતોષ સદાયે મળે.

* * * * *

### ૬. કાળની યાદ

તારી કાયા ખાશે કાળ, ના ગર્વ જરીપણ ધાર...તારી.

ભૂષણ ધારી ફરે કીમતી, તેમ સજે શણગાર;
દર્પણમાં જોતા ના થાકે, છોડ વિલાસ અપાર...તારી

યૌવન નથી સનાતન સાચે; છે ચપલા ચમકાર,
કામણગારી કાયા બળશે, સ્મશાનને અંગાર....તારી

રૂપવાન ધનવાન ઘણાયે, ખાઈ બેઠા માર;
તૂટી જશે ખરેખર તારો, તેમજ કાચો તાર.....તારી

મમતા ના કર તેથી તેની, જડતા જૂની ટાળ;
'પાગલ' પરમાત્માને સેવી, પામી લેજે સાર....તારી



* * * * *

### ૭. કવિતાના બોલ

છંદોના કપરાં બંધનમાં કેદ નહીં કરતો,
સ્વૈરવિહારતણું સુખ જોજે મારું ના હરતો;
જટિલ જંગમાં વળી ઉતારી જોમ નહીં હરતો,
કવિ કુળની છું માતા, મારી અકીર્તિ ના કરતો.

તનુ સ્ત્રીને ભારે આભૂષણ ખરે કુરૂપ કરે,
ધરે ગુલામી, સુખ સાથે તે સહેજે કેમ ફરે;
ભારેખમ ભાષામાં તેમજ મારો પ્રાણ મરે,
કોમળ કાયા પર જોજે તું શબ્દપ્રહાર કરે!

ગુંગળાવ ના મને વિચારે મિથ્યા ભાવમહીં,
જોજે માને મને રમકડુ દાસી તેમ કહીં;
આરાધન કરી લે મારી શુધ્ધ ભાવ ધારી,
સ્નેહ કરી લે ધરી સરલતા આડંબર મારી.

કલમ ઉપાડે ત્યારે કરજે વિચાર એવો તું,
કરોડને જીવન દેવાનું બલ એમાં જ રહ્યું;
તેથી તેમાંથી પ્રકટે તે સહજ પ્રકટવા દે,
તારી ને બીજાની સેવાકાજ પ્રકટવા દે.

હજારો હશે એવાં ઝંખે શાંતિ સદાયે જે,
પ્રકાશ માગે ચહે પ્રેરણા પથભુલ્યાં કૈંયે;
તેને માટે વહાવ મારી અમૃતમય ધારા,
ખારી ધરતી પર વરસે ના જોજે જલ ખારાં.

શાંતિ પ્રેમ ને પવિત્રતાના ભાવે સભર કરી,
સંપ તેમ સહકાર સ્વરોમાં મારો પ્રાણ ભરી,
સરળ બાલિકા જેવી મુજને રમવા દે જગમાં,
મંગલ સૂર સદા ભરવા દે જડ ને ચેતનમાં.

વિલાસ શોખ તજી દે તેમજ સાધક થા મારો,

મારે માટે પાગલ થા તો મળે મુક્તિઆરો;
હોય ન હિંમત એ માટે તો સ્પર્શ નહીં કરતો,
છંદોનો વ્યવસાય કરીને હીર નહીં હરતો.

* * * * *

### ૮. સ્મિત

સ્મિત ના કરમાયે કદિકાળ.
અમર રે' હરસ્થળ ને હરકાળ...સ્મિત

કષ્ટ કારમું પડે છતાંયે, માને ના કદિ હાર;
સુમન સમાન સુવાસ ધરે છો, આવે પર્વતમાળ ... સ્મિત

પ્રલોભનોમાં ના અટવાયે, ખાય કદી ના માર;
આપત્તિમાં પણ ના તૂટે, અંતર કરે રસાળ ... સ્મિત

સ્તુતિનિંદા ને શુભાશુભ સહે, કરે દ્વંદ્વને પાર;
પ્રકાશ આપે, ધરે પ્રેરણા, મિષ્ટ કરે સંસાર ... સ્મિત

સંપત્તિ જીવની મોટી, બન એનો રખવાળ;
સાધક, સ્મિત શોભાથી કૈંના જીવનપથ અજવાળ ... સ્મિત



* * * * *

## ૯. પ્રવાસીને

પ્રભુમાં શ્રધ્ધા રાખ ને કર મંગલમય કામ.

પ્રવાસ કરવો એકલો, સાથ ન કોઈ હોય,
આશ્વાસનના શબ્દયે કહેનાર ના કોય;
અજાણ મારગ કાપવો, તોપણ હાર ન હામ ... પ્રભુમાં શ્રધ્ધા રાખ.

વળાંક આવે કૈંક ને વિઘ્નોનો ના પાર,
ચઢાવ ને ઉતરાવમાં સ્હેજ મળે ના સાર;
બિહામણો છો પંથ હો, શોકતણું ના કામ ... પ્રભુમાં શ્રધ્ધા રાખ.

ગુલાબની ના સેજ આ, ધરતી પર શય્યા,
કરતા લાડ ન પાસમાં તાત વળી મય્યા
મિત્રોને સ્નેહી ભલે છોડી જતા તમામ ... પ્રભુમાં શ્રધ્ધા રાખ.

કોઈ નિંદે ને કહે કટુ શબ્દો કોઈ,
સત્કાર તિરસ્કારથી રહીશ ના રોઈ;
ઠરવાનું એકે તને મળે ભલે ના ઠામ ... પ્રભુમાં શ્રધ્ધા રાખ.

પ્રલોભનોથી ચેતજે, કુકર્મથી ડરજે,
પ્રેમ સત્ય ને નીતિને સ્વજન સદા કરજે
જીવનની પળપળ રહી જાગ્રત લેતાં નામ ... પ્રભુમાં શ્રધ્ધા રાખ.

પ્રભુમાં મનને જોડજે, ડરતો ના કો’થી,
હિંમતને ના છોડતો, ચળતો ના કો’થી
સેવાભાવથી લેતાં શ્વાસ તમામ ... પ્રભુમાં શ્રધ્ધા રાખ.

* * * * *

## ૧૦. કવિજનને

મનુકુળનું  મંગલ કરનારી કવિતા હે કવિ, ગાજે,
જગતતણા ક્રંદન હરનારી સુરાવલી ગા આજે ... મનુકુળનું.

વિષમય વાયુ વહે સંસારે, તેમાં અમૃત ભરવું મારે;
સબ-સરખા માનવ કૈં ફરતા સુહ્રાવવા સંજીવન ધારે.
પૃથ્વીના પરિતાપ હરે તે કવિતા હે કવિ, ગાજે ... મનુકુળનું.

કષ્ટ કારમા, રોદન કૈંનાં, કુસંપની હોળી છો થાયે;
ભેદભાવનો નાશ ભલે હો, હિંસા ના દેખાયે ક્યાંયે;
અશાંતિમાં શાંતિ ભરી દેતા બોલ જરીક અવાજે ... મનુકુળનું.

અભિનવ વર્ષા જેવી તારી કવિતા પ્રગટ કરી લે ન્યારી;
વાહ્ન મુજને કરતાં ભર તું ભુખ્યાંના ભોજનની થાળી;
માનવતાનું ખાતર બનતા પ્રકટી લે સ્વર તાજે...મનકુળનું.

સમય ન હો બરબાદ નકામો, શક્તિ ના ખરચાયે;
કલમ કલંકિત થાય ન જોજે, માનવ ના ભરમાયે,
પાવન પ્રકાશ દે, પ્રાણ બને, કવિતા તો ના લાજે...મનુકુળનું.

* * * * *

## ૧૧. ખેલ

વિરહમિલનનો ખેલ, કેવો
        વિરહમિલનનો ખેલ !
ચાલ્યા કરે નિરંતર જગમાં
        વિરહમિલનનો ખેલ ! ... વિરહમિલનનો ખેલ.

રજની તારલિયા ના સારે આંસુ હંમેશ અનેક;
દિવસ ઉગે ને રુદન એનું ખીલે સ્મિતમાં છેક.
સૂરજ ખીલે સોળ કળાએ તોડી દેતાં જેલ ... વિરહમિલનનો ખેલ.

તાપછાંયના ફેરા ચાલે, સવાર આવે સાંજ;
રડે તે હસે, રડે હસે તે, પડે તે ઉઠે આજ;
તૂટ્યાં તેમ વિખૂટાં અંતર વચ્ચે થાયે મેળ ... વિરહમિલનનો ખેલ.

રંક રાય ને રાય બને છે રંક અચાનક કૈં,
રોગી થાય નિરોગી, વેઠે રોગ નિરોગી કૈં;
પતિત થાય છે પાવન કૈંયે મળતાં મંગળ મેળ ... વિરહમિલનનો ખેલ.

છૂટાં આજ પડે છે તેનો કાલ થતો સત્કાર,
મૃત જન્મે છે, હરતાં ફરતાં શાંત બને તત્કાળ;
કાળચક્ર આ ફરે સનાતન કરતાં કૈં કૈં ખેલ ... વિરહમિલનનો ખેલ.

વિરહમહીં જે તપે તે ખરે પામી મિલન જશે,
તમને પામી ફરી તમારો વિરહ કદી ન થશે;
દ્વંદ્વમહીં સપડાયે તેવા જનના ફેર ... વિરહમિલનનો ખેલ.

* * * * *

## ૧૨. સાધકને

સાધક, કરજે મનનો રંગ.

બહારના રંગે ના રમજે
        કરજે અંતર રંગ ... સાધક કરજે

કૂડકપટનો ત્યાગ કરીને
        તજજે કામ કુસંગ;
હંસ સમાન બનીને નિશદિન
        કરજે સજ્જનસંગ ... સાધક કરજે

જેની આગળ અલ્પ જણાયે
        છેક અનંત અનંગ,
તેની જ કરી લેજે કેવલ
        આરાધના અભંગ ... સાધક કરજે



ભગીરથ બની ઉતારજે હું
        ઉરમાં રસની સંગ;
ધીરજ ને ઉત્સાહ મરે ના,
        તપનો થાય ન ભંગ ... સાધક કરજે

'પાગલ' જેમ જ રમજે કેવલ
        પ્રભુને દિવ્ય ઉછંગ;
અશાંત શાંત કરી દેજે સૌ
        ચરણે વૃત્તિવિહંગ ... સાધક કરજે

* * * * *

## ૧૩. વેળા વીતી જાય

તારી વેળા વીતી જાય,
        તારી વેળા વીતી જાય,
વીતે તે પહેલાં ચેતી લે,
        જોજે મોડું થાય ... તારી વેળા

કાળ કરે છે ક્રીડા નિશદિન,
        જીવન તારું ખાય;
રાતદિવસની રમત રમે છે,
        ગીત સનાતન ગાય ... તારી વેળા

આજ દિસે તે કાલ રહે ના,
        યુગયુગ એમ જ જાય;
જન્મમરણના રથમાં તારું
        જીવન ફેરા ખાય....તારી



કલ્પ કેંક વીતી જાયે ને
        અભિનવ જગ સરજાય;
ચક્ર સનાતન છે આ એવું,
        નિત ઠલવાય ભરાય....તારી

જાગે તે જ પરમપદ પામે,
        હરખ પછી ન સમાય;
'પાગલ' સોનેરી અવસર ના
        વારંવાર પમાય....તારી

* * * * *

**૧૪. જીવન**

ચાર દિવસની બાજી, જીવન ચાર દિવસની બાજી.
ધર્મ વળી શુભ કર્મ કરી લે, ચાર દિવસની બાજી ... જીવન.

મોટામોટા પંડિત ચાલ્યા, ચાલ્યા મુલ્લા-કાજી,
હુકમદાર ચાલ્યા ને ચાલ્યા કરનારાયે હાજી ... જીવન.

જ્ઞાની યોગી તપસી ચાલ્યા પુણ્યાત્મા ને પાજી,
અમરપટો કોઈને ન મળ્યો, ચાલ્યા મહંત-માજી ... જીવન.

કોઈ હસતાં, કોઈ રોતાં, ખિન્ન થઈ કે રાજી,
બાજી છોડી જવું બધાએ, એની છે નહિ નાજી ... જીવન.

પોતાનાંને ગણ્યાં પારકાં, કાયા મેલી તાજી,
માયા તેની મુકી ચાલવું, નોબત જેવી વાજી ... જીવન.

કાળ સર્વનો કરે કોળિયો ગણતા કોઈ ભાજી,
પાગલ સાધી લે સ્વારથ તું, રહે નહીં કે લાજી ... જીવન.

* * * * *

### ૧૫. નામનો વેપાર

નામનો વેપાર, એક એવા નામનો વેપાર,
કરિયે અમે નામનો વેપારજી.

તોડી દીધાં મોહતાળાં જનમીને સંસારજી;
વિષયનો રસ મુકી દીધો, માનીને અંગાર ... કરિયે અમે

કાળાધોળા મોટાનાના મુક્યા છે વેપારજી;
એક પ્રભુની પ્રીત બાંધી, તોડ્યા સૌ વે' વાર ... કરિયે અમે

સ્વર્ગ સમાયું, વૈકુંઠ વ્યાપ્યું, નામને વેપારજી;
મુક્તિ અમને છે મળી પેલા નામની રસધાર ... કરિયે અમે

શાંતિ સુખની છોળ ઊડે, વરસે અમૃતધારજી;
રોમરોમ બને રસે જ્યાં નામીમાં એકતાર ... કરિયે અમે

ઝેરજ્વાલા તાપની ભયશોક છેક અસારજી;
નામથી ઉધ્ધાર થાયે, ખાય મૃત્યુ માર ... કરિયે અમે

નામ આધારે નચિંત બેઠા, મુકી અમે જંજાળજી;
પાગલ બનતા પ્રભુ અમારે કરિયા અમને પાર ... કરિયે અમે

* * * * *

**૧૬. જીવન કેવું ?**

જીવન હો તો હો એવું !

બીજાના જીવનને હરદમ પ્રકાશ ધરનારું,
શાંત થઈને અન્ય જનોને પ્રશાંત કરનારું;
ઉન્નત કરે અન્યને ત્યારે શોભે તે કેવું ! ... જીવન હો તો

અનાથનો આધાર બને તે તપ્તતણી છાયા;
મૈત્રી રાખી સર્વ પર છતાં કરે નહીં માયા;
મુક્ત થઈને મુક્ત કરે એ જીવન મધુ જેવું ... જીવન હો તો

પીડે ના કોઈને દુભવે, મંગલમય તે હો;
સત્ય ન્યાય ને નીતિ ન છોડે, આલિંગે સૌ કો;
તરુવરસમ એની છાયામાં ગમે પડી રે'વું ... જીવન હો તો

કૂડકપટ ને કલંકથી પર એની હો કાયા,
શરણાગત પર સદાય ઢાળે સુધાતણી છાયા;
'પાગલ' વાળી દે કર્મ કરી ભવભવનું દેવું ... જીવન હો તો

* * * * *

## ૧૭. કાળ

વીતી જાયે કાળ, તારો વીતી જાયે કાળ.

પળપળ ચાલે પાણી પેઠે, ચાલે ઋતુની હાર;
વર્ષો વીતે, ચક્ર ફરી લે, કુદરત વારંવાર ... તારો વીતી જાયે

બાલ્યાવસ્થા તેમ જુવાની, જરા જાય તત્કાળ;
મૃત્યુ પછી જન્મ વળી થાયે, ફેર પડે ન લગાર ... તારો વીતી જાયે

દુઃખદર્દના દિવસો વીતે, સુખ પણ થાય અસાર;
વિરહ મિલનમાં, મિલન વિરહમાં, પલટાયે પળવાર ... તારો વીતી જાયે

અમુલખ કાળ છતાં ચંચલ છે, પામી લેને સાર;
'પાગલ' જીતી લે જીવનને, પ્રભુને ઉરમાં ધાર ... તારો વીતી જાયે

* * * * *

## ૧૮. સમાધિ

જોતાંવેત સમાધિ થાય,
        મુજને સહજ સમાધિ થાય.

આંખ અમીમય આંખે મળતાં રાગ ઉરે ઉભરાય;
સુરતા એક થઈ જાયે ને નૂતન નેહે નહાય ... મુજને

પદ્માસનની પરવા ન મને, ધ્યાન ધરું ન જરાય;
સર્વદશામાં સર્વકાળમાં મનડું મારું હરાય ... મુજને

રૂપ તમારું મંગલ મધુરું, જોતાં પ્રાણ વણાય;
દુઃખદર્દ ને મટે યાતના, તેમ ત્રિતાપ તરાય ... મુજને

'પાગલ' પ્રાણ પ્રસન્ન બનીને કાયમ કાજે ચહાય;
નજર સમીપ રહો નિત્ય તમે, હરખ ન મારો માય ... મુજને

* * * * *

**૧૯. છાંય**

સંતજનોની છાંય, મુક્ત જનોની ખાંય,
મળી જાય તો મંગલ થાયે, રે'વું એની માંહ્ય
 મારે રે'વું એની માંહ્ય ... સંતજનોની

જીવનના જે દુઃખ દાવાનળ,
ટળી જાય વેદનનાં વાદળ;
 એ સુખ છે ના ક્યાંય ... સંતજનોની

બંધન તૂટે, ક્લેશ વછૂટે,
ચોર લુટારા પછી ન લૂટે;
 ભીતિ રહે ના ક્યાંય ... સંતજનોની



આઠે પહોર આનંદ ભરી,
ધન્ય થવાનું કલ્યાણ કરી;
 બીજો છે ન ઉપાય ... સંતજનોની

'પાગલ' પ્રભુસરખા સંત મળે,
કૃપા તેમની લેશ પણ ઢળે,
 મટે હૃદયની લ્હાય ... સંતજનોની

* * * * *

## ૨૦. પ્રેમનગરના વાસી

પ્રેમનગરનાં વાસી,
અમે તો પ્રેમનગરનાં વાસી.

પ્રેમ અમારે મન મથુરાજી રામેશ્વર ને કાશી;
તીરથ સકળ મળ્યાં છે એમાં અખંડ સુખના રાશિ ... પ્રેમનગરના

પ્રેમ અમારે ગંગાજમના અમૃત ને અવિનાશી;
સેવન કરતા ભ્રમ ભાગે ને સિદ્ધિ બનતી દાસી ... પ્રેમનગરના

પ્રવાસ કરતો ફરે જીવ આ યોનિ લક્ષ ચોરાશી;
પ્રેમ પરમ પુણ્યે પામી લે બનતા સહજ ઉદાસી ... પ્રેમનગરના

'પાગલ' પ્રભુ પાછળ બનિયા તે રહ્યા સદાયે હાંસી;
શાશ્વત સુખની છોળો ઊડે, અવિદ્યા ગઈ નાસી ... પ્રેમનગરના



* * * * *

## ૨૧. એવો યોગ કરું

હવે હું તો એવો યોગ કરું.

પ્રેમપ્રદીપ જીવની જ્વાળા, તપનું તેલ ભરું;
આતુરતા અંગારે એમાં પૂર્ણ પ્રકાશ કરું .. હવે હું તો

કંઠી કરુણા, ભસ્મ ભાવની, મનની માળ ધરું;
સુરતાને સાંધીને ચરણે આવી રોજ મળું .. હવે હું તો

શીલતણા સાધનથી સહેજે આ સંસાર તરું;
નામ-નાવમાં નેહ કરીને દિન ને રાત ફરું .. હવે હું તો

રાગ હૃદયથી કરું તમોને, દિલનું દાન કરું;
તનમનઅંતરની આરતિ ને પ્રેમપ્રસાદ ધરું .. હવે હું તો

'પાગલ' પરમપંથ છે ત્યારે ભટકી કેમ મરું;
સમતાની સિદ્ધિ પામીને કાય કૃતાર્થ કરું .. હવે હું તો

* * * * *

## ૨૨. પ્રેમનો મહિમા

હૃદયમાં પ્રેમ જાગે તો બધુંયે કામ થાયે છે !

હૃદયની ભૂમિમાં નાખ્યું, મધુર બી નામનું નાખ્યું,
અમી વરસાદ વરસે તો બધુંયે કામ થાયે છે ... હૃદયમાં

નદીમાં પૂર આવે છે, કિનારા ના સતાવે છે;
સતાવે તેમના બંધન; બધુંયે કામ થાયે છે ... હૃદયમાં

કરો જપ લાખ ને તપયે કરો કે યજ્ઞયાગ ભલે,
ન પ્રગટે પ્રેમ પણ તો તે થકી ના દૈન્ય જાયે છે ... હૃદયમાં

ઉઠે જો પ્રેમનું બિંદુ હૃદયમાં ભાવનો સિંધુ,
હજારો સાધનો તેના પરમફલમાં સમાયે છે ... હૃદયમાં

રડે જે ખૂબ પ્રભુ માટે, વળી પ્રાર્થે અને ગાયે,
જગતમાં તે કૃપા પામી પરમ ધનને કમાયે છે ... હૃદયમાં

હઠાવી પ્રાણના પડદા, જગાવી પ્રેમને તેમાં,
બની 'પાગલ' પ્રભુ પ્રગટે પછી કૈં ના ચહ્રાયે છે ... હૃદયમાં

* * * * *

## ૨૩. જીવતા દેવને સેવો

જીવતા દેવને સેવો, ઓ ભાઈ મારા, જીવતા દેવને સેવો.
હાલતાં ચાલતાં બોલતાં ડોલતાં દેવોની આશિષ પાવો ... ઓ ભાઈ મારા

મંદિર મસ્જીદ ગુરૂદ્વારામાં શાંતિ લેવાને ભલે જાઓ,
દેહના મંદિરે દેવ વિરાજ્યા, તેનાં યે ગીતડાં ગાઓ ... ઓ ભાઈ મારા

તીરથનો છે મહિમા મોટેરો, તીરથમાં ભલે જાઓ;
આતમતીરથ, તુલના ના થાય એની, એને સેવી સુખ પાવો ... ઓ ભાઈ મારા

વેદ કુરાન ને ગ્રંથ વાંચો, ભલે બાઈબલ ઉથલાવો;
માનવજાતનો પ્રકૃતિગ્રંથ છે, તેનો ય લો કૈંક લ્હાવો ... ઓ ભાઈ મારા

દુઃખી છે દુનિયામાં, રોવે છે કૈંક, એનાં આંસુ લોઈને દુઃખ ટાળો;
ભૂખ્યાંનો દેવતા વૈશ્વાનર તેને આહૂતિ આપીને ઠારો ... ઓ ભાઈ મારા

પાણી ચઢાવો છોને શિવને મંદિર ભાઈ, તરસ્યાંનો પ્રાણયે પલાળો;
આરસનાં ઊભા મંદિર કરો ભલેને, માનવની મ્હેલાતો બનાવો ... ઓ ભાઈ મારા

ભૂષણ ને વસ્ત્ર છોને મંદિરિયે આપો, પેલા સૃષ્ટિનાં સ્વામી શણગારો;
વસ્ત્ર વિનાનાં કૈંને વસ્ત્ર પહેરાવોને ! મરતા માનવને ઉગારો ... ઓ ભાઈ મારા

હાલે ચાલે છે ને જે કરુણા યાચે, તેને પ્રેમનાં પાણીએ પખાળો,
આ જગના કોઈ જીવને દુભાવીને તેના સ્વામીને ના પુકારો ... ઓ ભાઈ મારા

પ્રભુને પોકારો ભલે, દર્શનથી રાચો ભલે, જીવન તમારું ઉજાળો;
તેનાં સ્વરૂપ એવાં દુનિયાનાં રૂપને 'પાગલ' કહે ના નકારો ... ઓ ભાઈ મારા

* * * * *

## ૨૪. અંતસમે

અંતસમે ગંગાજમનાજલ તુલસીદલને ના ચાહું,
કોઈ કાને રામનામને ફૂંકે એવું ના ચાહું;
ગીતા કે કો શાસ્ત્રપાઠ વંચાવે કોઈ અંતસમે,
એ અભિલાષા છે ના મારી, વિનતી કરવી એ ન ગમે.

અંતકાલની ચિંતા છે ના, થવું હોય તે થાય ભલે,
મારી તો ઈચ્છા છે એક જ, દેહાભિમાન છેક જલે;
જીવન સારું પૂર્ણ તમારા પ્રેમમહીં આસક્ત બને,
પવિત્ર થાયે, સત્ય મેળવે, સિદ્ધ ને વળી મુક્ત બને.

તમારા સ્મરણ ને સેવાથી જીવન મારું ધન્ય બને,
પૂર્ણપણે પ્રાપ્ત કરું તમને આ જીવનમાં આજ તને;
ઘટઘટમાં મૂર્ત બને મૂર્તિ તમારી, પરમાનંદ ધરે,
દશા દેવને દુર્લભ છે એ, અંતર એની આશ કરે.

આંખ જુએ તમને જ ક્ષણેક્ષણ, ઉત્સવ એનો રોજ કરે,
કાન તમારા સ્વર સાંભળતા અમૃતમાંહી સ્નાન કરે;
શરીર સ્પર્શે થાય સુવાસિત, વિચાર અંજલિરૂપ બને,
ક્રિયા તેમ ઉર્મિ અંતરની ફૂલ બની પૂજે તમને.

સાકારની બની લીલા કરિયે અહીં આપણે આ જગમાં,
મૃત્યુ ભય ને તાપ હઠાવી જીવી રહીએ આ જગમાં.

ઈચ્છા મારી નથી અયોધ્યા વૃંદાવનમાં દેહ પડે,
કાશી તેમ જ કૈલાસ વળી તીર્થસ્થાનમાં દેહ પડે;
કાળ તેમ સ્થળના મારે તો સમ્રાટ થવું આ તનથી,
મૃત્યુંજય બનવું ને જગતને સ્વર્ગસુખદ ગણવું મનથી.

તમારી જ પાસે છે મારું સ્થાન, નથી સંશય એમાં,
ખાતરી એની કરવી મારે, કરવું દર્શન છે તેમાં.


અંતસમે ના ભાન રહેશે, નાડી ખેંચાશે સઘળી,

સત્ય તમારા પ્રેમીને એ સતાવતી ચિંતા ન જરી;
તન ને મન અર્પીને તમને થઈ ગયો જે ભક્ત ખરે,
કૃપા મેળવી શક્યો તમારી તે કોઈથી કેમ ડરે ?

તમારે શરણ આવી મુજને કોઈયે ભય છે જ નહીં,
છાયા પામી દિવ્ય તમારી કોઈ ચિંતા છે જ નહીં;
'પાગલ' હું તો પ્રેમી મારી એક જ ઈચ્છા વ્યક્ત કરું,
અનંત કાલ લગી સેવા હું તમારી સાનંદ કરું.

દિલદિલરૂબા પર સ્વર છેડી આરાધું પ્રેમે તમને,
તમારો બનું, અભેદ સાધું સાથ તમારી પૂર્ણપણે.

આ દેશમાં જે ઋષિ વીતરાગી,
થઈ ગયા પૂરણ ધન્યભાગી;
હરોળ તે સર્વતણી સુહાવું,
પ્રેમી તમારો જગનો કહાવું !



કરે સદાયે યત્ન શરીર, શમે પારકાની કે પીર
આશીર્વાદ દઈ દો આજ, પૂર્ણ થઈ જાયે શુભ કાજ.

* * * * *

## ૨૫. કૃપાનો પ્રભાવ

તમારી હોય કૃપા જો તો
        વાણી વહેતી થાય;
વહી રહેલી વાણી મંગલ
        ગીત તમારાં ગાય ... તમારી

મૂરખથી પણ મહાન કવિનું
        આસન શોભિત થાય;
યશભાગી સામાન્ય જન બને,
        થતાં તમારી સહાય ... તમારી

પામર પ્રાણી પંડિત બનતાં
        જ્ઞાનામૃત પી પાય;
પર્ણહીન પણ શીતળ એવી
        બને સર્વની છાંય ... તમારી



સ્નેહી શરણાગત તો પામે
        મિલ્કત જે જે ચ્હાય;
'પાગલ' પ્રાણ ધર્યો છે જેણે
        દિવ્ય તમારે પાય ... તમારી

તેથી માંગું તનમન મારું
        ભલે કૃપામાં નહાય;
રંકતણુ ધન સર્વસ્વ ને,
        દળદર છોને જાય ! ... તમારી

વાણીરૂપે પ્રકટ બનો ને
        અંતર મારું ગાય;
વિશ્વમહીં વ્યાપક હો સ્વર એ
        હરખ ન મારો માય...તમારી

* * * * *

**૨૯. શું કરું ?**

ગુણાનુવાદ ન ગાય તમારા
        એવું મીઠું હોય ગળું,
ડોલાવે લાખોને તોયે,
        એ કંઠ કહોને શું કરું ?

લોચન લોલવિલોલ વિલોકે
        વિશ્વ, વિપળ પણ ના તમને,
એ લોચનને શું કરવાં
        ના દ્રવી કદી પૂજે તમને ?

કોમળ કર્ણ કદી ન તમારી
        સુધાથકી સ્વાદિષ્ટ બને,
નાક ન સુંઘે સુવાસને કદી,
        નાક કર્ણ પણ વ્યર્થ જ એ !



જે અંતરમાં તમે વસો ના
        એ અંતરની કીમત શી ?
રક્તમહીં રણકાર કરો ના
        એ જીવનની કીમત શી ?

ચરણે પડી તમારા માંગુ
        એ જ સદાને કાજ પ્રભુ !
તન મન અંતર ભજે તમોને,
        તમને સેવું તેમ લભું !

* * * * *

## ૨૭. તમારું રૂપ

રૂપ તમારું આ રઢિયાળું.
કામણગારું, કમનીય વળી
નેહથકી નીતરતું ન્યારું ... રૂપ તમારું

આંખ અમીમય, ચંદ્રથકીયે
વદન વધારે મધુમય ચારુ;
સ્વર્ગ સમાયું એમાં જાણે,
પરમધામ પણ ત્યાં છે હાર્યું ... રૂપ તમારું

અંગેઅંગે ઉડે ફુવારા,
ફોરમવંતા રસના ભાળું;
એ અવલોકી અંતર ઉછળે,
નાચી ઉઠે મનડું મારું ... રૂપ તમારું



ક્યા પુણ્યથી પાન મળ્યું આ
રૂપતણું ના જાણું, વારુ;
સંસાર સમાયો છે એમાં
શું અચરજ, જો હૈયું હારું ... રૂપ તમારું

* * * * *

## ૨૮. રાગની રીત

રાગની એવી અનેરી રીત.

જાદુભરેલી, જોબનવાળી,
        આંખે મળી મારી મીટ;
એ જ પળે મારું હૈયું હરાયું,
        છૂટ્યું પ્રાણે સંગીત ... રાગની

મસ્ત મે'રામણ રોમમાં મારે,
        ઊછળી રહ્યો છે નીત;
તલસે છે તુજને મળવા માટે,
        ઠાલવી ઠાલવી પ્રીત ... રાગની

ગાલ ગુલાબી, મધુમય મુખડે,
        લાગ્યું ધ્યાન ખચિત;
રૂપની આગળ રાસ રમે છે,
        ચોરાયા જેવું ચિત્ત ... રાગની



ભૂલી શકાયે તને ના ઘડીયે,
        એવી થઈ છે પ્રીત;
દેવી તું મારા દિલડા કેરી,
        પૂરી થઈ તારી જીત ... રાગની

* * * * *

## ૨૯. તમારા વિના

તમારા વિણ સાર કૈં જીવનમહીં લાગે નહીં,
શાંતિ મુક્તિ પૂર્ણતાની રાગિણી જાગે નહીં.

ચિત્રના વરસાદથી ઉકળાટ કૈં ભાગે નહીં,
મૃગજલતણા વારિથી પણ શાંતિ કૈં લાગે નહીં;

તમારા વિણ સાર કૈં જીવનમહીં લાગે નહીં,
ધન્યતાને વર્ષતી વીણા કદી વાગે નહીં.

પુષ્પ કાગળનું કર્યું પણ વાસ તે આપે નહીં,
કલ્પના સરિતાતણીયે પ્યાસ કૈં કાપે નહીં;

તમારા વિણ સાર કૈં જીવનમહીં લાગે નહીં,
શાંતિ મુક્તિ પૂર્ણતાની રાગિણી જાગે નહીં.

જ્યાં સુધી નયનો તમારી સુધામાં રાચે નહીં,
પ્રાણ 'પાગલ' તમારા ચરણોમહીં નાચે નહીં;

તમારા વિણ સાર કૈં જીવનમહીં લાગે નહીં,
ધન્યતાને વર્ષતી વીણા કદી વાગે નહીં.


* * * * *

## ૩૦. દર્પણમાં જુઓ તો

જરા દર્પણમાં જુઓ તો, શું કહું છું હું,
રૂપ છે રળિયામણું રસથી ભર્યું મધુરૂં,
મહીને મોહાવનારૂં, વિશ્વમાં અદકું,
પ્રાણ છે 'પાગલ' થયો આશ્ચર્ય એમાં શું ?

મુગ્ધ છે બ્રહ્મા તમારા રૂપને ભાળી,
તેમ વિષ્ણુ શંભુ જીવે ઉર દઈ વારી;
સૂર્ય ને નક્ષત્ર ગ્રહ સૌ આસપાસ ભમે,
શી નવાઈ મન મહારું ચરણમાં જ રમે?

નદી નેહનશે ભરાઈ જાય છે દોડી,
પર્વતો ઊભા હૃદયને ધ્યાનમાં જોડી;
તમારા સ્નેહે રહી સૃષ્ટિ સકળ સોહી,
ના પછીથી કેમ મારું મન રહે મોહી ?



તમે છો સંપૂર્ણ સુખ ને શાંતિની મૂર્તિ,
તમારા વિણ થાય ના આનંદની પૂર્તિ;
તમારી જ કૃપાથકી મળતી ખરે મુક્તિ,
ભુક્તિ મળતી, જીવવાની પણ મળે જુક્તિ.

માતને મૂકી જશે બાળક કહોને ક્યાં,
સૂર્યને છોડી કિરણ વિચરી શકે છે ક્યાં?
તમારા વિણ હોય શેં અસ્તિત્વ મારું આ,
રાત ત્યાં દિન ને રહે છે તાપ ત્યાં છાયા.

ગુણ તમારા તેમ શક્તિ તમારી કેવી !
વિશ્વની ધાત્રી વિધાત્રી છો તમે દેવી !
તમારી જ કૃપાથકી જન તરે ને તારે,
શી નવાઈ દિલ તમોને દેખતાં વારે ?

* * * * *

### ૩૧. મહિષાસુર

તમે માર્યો મહિષાસુર.
કૈંક રાક્ષસોને રણ રોળ્યા
        માનમદે ચકચૂર ... તમે માર્યો

ગર્વ ગળી નાખ્યા કૈં કૈંના,
        સંહાર્યા ને શૂર;
ચંડ મૂંડ ને શુંભ સમાનાં,
        કર્યાં શીશને દૂર ... તમે માર્યો

રણચંડીનું રૂપ ધરીને
        પ્રભાવથી ભરપુર,
લીલા કેવી કરી અનેરી
        મહીમહિં મશહૂર ... તમે માર્યો

સ્તવન કર્યાં દેવોએ માની,
        તમને જગનાં મૂળ;
અંગાગમાંહે આવ્યું ત્યારે,
        માતૃપ્રેમનું પુર ... તમે માર્યો

બલવાન તમે કેવાં, તો ક્યાં
        ગયું તમારું નૂર ?
'પાગલ' પ્રેમીના જીવનમાં
        જીવે વિરહાસુર ... તમે માર્યો

* * * * *

### ૩૨. શિકારીને

શિકારી, તારી જાતનો કરને શિકાર
        તારો પોતાનો કરને વિચાર ... શિકારી

બંદૂક ધારી શાને વનમાં ભમી રહ્યો છે,
        નિર્દોષ જીવોને કાં માર ?
કુદરતને ખોળે ખેલે કિલ્લોલ કરતાં પંખી,
        હત્યા શાને કરે ગમાર ? ... શિકારી

જીવન છે સૌને પ્યારું, સમજી લે તો તો સારું,
        છાંટો દયા તો દિલે ધાર;
નિર્દય થા ક્રૂર નહીં જોજે જગતમાં કહીં,
        જીવનને કાજે જીવન હાર ... શિકારી

મદ ને મમતાને મારી, કામક્રોધ દે તું બાળી,
        આસક્તિ છોડી દે અસાર;
જ્ઞાનની ગોળી મારી અહંકાર દે સંહારી,
        બેડો તો થાયે તારો પાર ... શિકારી

દુઃખી કરે ભમાવે મનની વૃતિઓ તારી,
        વૃતિઓ તારી તે ઉજાળ;
પ્રભુના જ પ્રેમમાં 'પાગલ' બની જા ભાઈ,
        બગડેલી બાજીને સુધાર ... શિકારી

* * * * *

**33. બીન**

બીન રહ્યું અંતરમાં વાગી.
રોમરોમમાં સૂર રમે છે,
કાયાને કરતાં વરણાગી ... બીન રહ્યું

વરસોથી વાગે અવિરત એ,
અનહ્દ નાદ ભરે તનમનને;
વરસોથી છે સુરતા લાગી,
ચિત્ત રહ્યું ચંચલતા ત્યાગી ... બીન રહ્યું

સુમધુર સૂર છવાયા કેવા,
અમૃતની લહરીના જેવા;
મિલ્કત હાથ પડી વણમાગી,
અંતર ખૂબ થયું અનુરાગી ... બીન રહ્યું

કોણ બજાવે બીન હૃદયમાં,
તમારા વિના કોણ જ જગમાં;
રૂપ નિરખવા શ્રેષ્ઠ સુહાગી,
લગન ગઈ દિલડાને લાગી ... બીન રહ્યું

* * * * *

### ૩૪. કવિનું હૃદય

કવિનું હૃદય મળ્યું છે જેને તેનું ભાગ્ય ફર્યું,
મહામૂલું એ દાન તમારું જેને સ્હેજ મળ્યું.

ધની થયો તે શ્રેષ્ઠ જગતમાં, તેનું દૈન્ય ટળ્યું,
યુગયુગનું અંધારુ ઉરનું દૂર થયું સઘળું.

નેત્ર મળ્યું ત્રીજું એ શિવનું જેને પણ જગમાં,
દુષ્ટ વાસના વિકાર જાગે ના તેની રગમાં.

કવિનું હૃદય મળ્યું છે જેને તેનું ભાગ્ય ફર્યું,
નવો થયો તે બ્રહ્મા જગમાં, તેનું મૃત્યુ મર્યું.

અગમનિગમના ભેદ ઉકેલ્યા સ્મિત કરતાં તેણે,
પ્રેમ શાંતિ પ્રજ્ઞાથી પાવન જગ કીધું એણે;

જનની જેવું જીવન એનું જગને ભેટ મળ્યું,
મહાદાન દેવે દીધેલું જેને સ્હેજ મળ્યું.

જવાબદારી એને સોંપી સંસારે મોટી,
શક્તિ મળી તેને ના કરવી સ્વપ્ને યે ખોટી;

અખંડ જાગૃતિ તેમ વેદના તેને સ્હેજ મળી,
બીજાની હિતચિંતા કરુણા આપોઆપ વરી.

કવિનું હૃદય મળ્યું છે જેને તેનું ભાગ્ય ફર્યું,
બંધન તૂટ્યાં બધાંય તેના, જીવનકાર્ય સર્યું.

કવિની સાથે હોય ભક્તનું હૃદય જરીય ભળ્યું,
ગાવી કેમ મહત્તા, અમુલખ એ ઐશ્વર્ય મળ્યું !

* * * * *

### ૩૫. ભાગ્ય

ભાગ્ય મળ્યું મને ભારે,
        સંસારમાં ભાગ્ય મળ્યું મને ભારે.

દેહ છે મળ્યો આ દુનિયામાં ત્યારથી
        પ્રીતડી થઈ તારે મારે;
સ્નેહની સિતારી મારી સ્હેજે છૂટી રહી,
        તુંહિ ગીત ઉઠ્યું પ્રાણતારે ... સંસારમાં

રગરગમાં રાગ એક તારો રમી રહ્યો,
        પ્રેમ તારો આંખને ક્યારે,
તારા જ ધ્યાનમાં ડૂબી ગયો હું
        હરસ્થળ ને હરકાળે ... સંસારમાં

અંતરના ઉપવનમાં આનંદ આપતી,
        ખીલી વસંતઋતુ જ્યારે,
ચરણોમાં અર્પ્યો મેં પુજનના ભાવથી
        વૈભવ બધો એનો ત્યારે ... સંસારમાં

દુઃખ તેમ મૃત્યુ ને કોટિક ક્લેશ ભલે
        દુનિયાના લોકને ડારે;
હું તો નચિંત બન્યો, રથની લગામ તે
        ધારી છે હાથમાં પ્યારે ... સંસારમાં

અંગારે જલતા આ અંતરની આરજે
        વ્હાલે ભરાઈને વ્હારે;
પ્રેમ ને કૃપાની પ્રસાદી ભલે
        'પાગલ' આ પ્રાણને કાળે ... સંસારમાં

* * * * *

### ૩૬. દાંભિકને

દાંભિકને દેવ સદા દોહ્યલાં.

કરે કોટિ કો' ઉપાય, કરે કોટિ છો ઉપાય,
કાળા મટે ન કદિ કોયલા ... દાંભિકને

તીર્થધામમાં ભમે ભાવથી, વસે વિજન વનમાં,
સરિતામાં સ્નાન સદાય કરે, રાખ ચોળે તનમાં ... દાંભિકને

વૈરાગી વસે ના મકાનમાં, કરે ફળનો આહાર;
કૌપીન ધારે અંગ એકલું, કરે મુનિનો આચાર ... દાંભિકને

મ્હાલે કથા તેમ કીર્તને, ઘણા આપે ઉપદેશ;
ગ્રંથોના ગૌરવને ગાય છો, ધરે મનગમતા વેશ ... દાંભિકને

કામક્રોધ નિર્મૂળ થાય ને મરે મનડુ નહીં,
આનંદ ત્યાં લગી ના આવશે, ગયા સંતો કહી ... દાંભિકને

અંદરબહાર બને એક જે, કરે પ્રભુ સાથે પ્રેમ,
જીતે છે જિંદગીનો જંગ તે કરી લે છે ને ક્ષેમ ... દાંભિકને

તેથી કહું છું દંભ ત્યાગજે કૃપા કરશે તો દેવ,
'પાગલ' બનીને સત્ય પ્રેમથી કરી એની લે સેવ ... દાંભિકને

* * * * *

## ૩૭. સાધકને

સાધક શ્રદ્ધાને વર તું !

ચંચલતા દે દૂર કરી, ના
        ભ્રમણાને ભજ તું
શંકા સઘળીએ ટાળી દે,
        હારે હિંમત શું ! ... સાધક

મનોબલ વિના આ મારગમાં
        થાય ન સિદ્ધ કશું;
શંકાશીલ સદાય મરે છે,
        પ્રગતિ કરે ન તસુ ... સાધક

ગુરૂ ને આત્મામાં કર શ્રદ્ધા
        તેમજ સાધનશુ ;
વિના વિઘ્ન જો હોય જગતને
        સ્મિત કરતાં તરવું ... સાધક



અનુભવની આ વાત વખણાયેલી
        વાત ખરે જ કહું;
'પાગલ' શ્રદ્ધાના શઢ સાથે
        માર હલેસાં તું ! ... સાધક

* * * * *

### ૩૮. ઉર

મારું ઉર અનુરાગભર્યું.

છેક જ નાનું સાધારણ છે,
        તો પણ સ્નેહ છલ્યું;
સુમન સમાન સુવાસિત કોમળ,
        તમને ફકત વર્યું ... મારું ઉર

તમારી જ પૂજામાં લાગ્યું,
        છેક જ મુગ્ધ થયું;
મૂક છતાં પણ પ્રબળ ખરેખર,
        વજ્ર સમાન ઠર્યું ... મારું ઉર

મનોરથ થકી મંડિત મીઠું,
        ક્લેશ સમસ્ત તર્યું;
મધુમય જગના મધુને એણે,
        નિજ ભંડાર ભર્યું ... મારું ઉર



ચાહે તમારાં ચરણે ઢળવા,
        અન્ય વિષય વિસર્યું;
જોજો વધુ આઘાત કરો ના,
        દર્દ ન જાય સહ્યું ... મારું ઉર

* * * * *

## ૩૯. જે...તે

જે હિંમત ના કદી હારે.

જે દુઃખદર્દથી લેશ ડગે ના, તેમ નિરાશા ધારે,
ડરે નહીં પરિતાપ થકી જે તે જ તરે ને તારે ... જે હિંમત

ભવાટવીનો ભય ભાળીને આંસુ ન એકે સારે,
જીતે તે માને મધુ ના જે કાયમ સાગરક્ષારે ... જે હિંમત

જે પતનથકી પણ ના ગભરાયે, આગે જ બઢે પ્યારે;
પ્રલોભનોમાં અટવાયે ના, તે ન મરે કો' કાળે ... જે હિંમત

સૌભાગ્ય વરે તેને સાચે સ્મિત સાથે સત્કારે;
આરાધના અખંડ ઉઠે છે જેને અંતરતારે ... જે હિંમત

પરિશ્રમીને દુર્લભ ના કૈં, પદાર્થ પામી ચારે;
'પાગલ' પુરૂષાર્થીને પેખી વિકટ વિજય પણ વારે ... જે હિંમત

* * * * *

### ૪૦. ખીલે જેવું ફૂલ

ખીલે જેવું ફૂલ,
        અંતર એમ જ થાવ પ્રફુલ્લ
આનંદે મશગૂલ બનો એ
        શાંતિસુખતણું મૂળ ... ખીલે જેવું

ફોરમ ફેલાઓ મધુ એમાં,
        પૃથ્વી કરો પ્રસન્ન;
પ્રેમ પુનિત પાથરતાં પ્રતિપળ
        અર્પો અક્ષય ધન.
શમવો સૌની શૂળ
        બનો એ શાંતિસુખતણું મૂળ ... ખીલે જેવું

ધામ બનો રસનું તેમજ હો
        તેજ થકી ભરપૂર;
સુંદરતાનો સાજ સજી હો
        સત્યમહીં ચકચૂર.
રેલો નિશદિન નૂર,
        બનો એ સુખશાંતિતણું મૂળ ... ખીલે જેવું

કાળથકી કરમાઓ ના કદી,
        ગાઓ ગીત અનૂપ;
'પાગલ' પૂજો કેવલ તમને,
        ધરો તમારું રૂપ.
મધુર કરો મનુકુળ,
        બનો એ શાંતિસુખતણું મૂળ ... ખીલે જેવું

* * * * *

### ૪૧. ભાવનાભીના

સંધ્યા છવાય ગગને પણ રંગ એનો
ઝીલે પ્રસન્ન સરિતા ક્ષણવાર કેવો !
ને સૂર્યનાં કિરણનો સુખસ્પર્શ પામી,
ખીલી ઉઠે કમલ, પુષ્પ રહે પ્રણામી.

થાય ચંદ્રોદય જુઓને અરુ આ કેવો,
સુધાની ગાગર ભરી હો ચંદ્ર છે એવો;
સિંધુ જોતાંવેત એને નાચવા લાગે,
સ્નેહના સંદેશ કૈં કૈં પાઠવે રાગે.

વરસતો વરસાદ ભેટે ભાવથી જ્યારે,
ધન્ય ધરતી વાસ છોડે તૃપ્તિની ત્યારે;
અરે મૂંગા હૃદયનો પણ પ્રેમ છે કેવો,
ગમે છે સૌનેય લેવો લ્હાવ ને દેવો.

જડમાં પણ આવું છે આકર્ષણ ખરે રહ્યું,
આપણે ભાવનાભીના હૈયું કેમ કરે કહ્યું ?

* * * * *

## ૪૨. દીવો

જુનો જાય અંધાર, દીવો દીલડામાં થાય જો.
સુનો થાય સંસાર, દીવો દીલડામાં થાય જો.

પરબ્રહ્મનો પ્રકાશ બ્રહ્માંડે ભાસતો,
ત્રિભુવનને તેજથી પલાળતાં પ્રકાશતો,
જોડાય તેનાથી તાર, દીવો દીલડામાં થાય જો ... જૂનો જાયે અંધાર

અંધારી આંખલડી અમૃતથી ઓપતી,
આનંદે અંજાય સ્નેહથકી શોભતી;
વામે સઘળાં વિકાર, દીવો દીલડામાં થાય જો ... જૂનો જાયે અંધાર

ભેદભાવ ભાગે અભેદભાવ જાગે,
વીણા ને ધન્યતાની અનુરાગે વાગે;
જીવન થાયે રસાળ, દીવો દીલડામાં થાય જો ... જૂનો જાયે અંધાર

સંયમના સાધનમાં પ્રેમતણી વાટ હો,
જ્ઞાનતણા ઘૃતથી જવલક્ષ અહો રાત હો,
સાંપડી જાયે તો સાર, દીવો દીલડામાં થાય જો ... જૂનો જાયે અંધાર

'પાગલ' પ્રેમ ધરી દીવો પેટાવજો,
અંતારા અંતરને આજે ચેતવજો,
રાત્રી રહે ના લગાર, દીવો દીલડામાં થાય જો ... જૂનો જાયે અંધાર

* * * * *

## ૪૩. પ્રશસ્તિ

સો સો સહસ્ત્ર શશી થાય ભેગા માધુરી એની થાય,
મધઝરતા મુખ આગળ એ માધુરી ઝાંખી થાય.

સો સો વસંતો મળે એકસાથે શોભા અનેરી કરે,
શોભાનો સિંધુ તમારો તેનું બિંદુ છતાં ન ધરે.

આગથકી અળગો થયો ક્યાંથી આગસમો અંગાર ?
બ્રહ્માંડ આખું અણુશું તમારા તેજતણો ભંગાર.

સૂર્ય તમે, કિરણો સઘળાયે સર્જનનાં આ રૂપ;
એક જ ત્રાજવે કેમ તોળાયે સેવક સાથે ભૂપ ?

લોચન લોલ ઉઘાડીને ફેંકી એક તમે દ્રષ્ટિ,
સૃષ્ટિ ભરાઈ ગઈ રસરૂપે પામી કૃપાવૃષ્ટિ.

કોટિકોટિ કુસુમો મળે ભેગાં દિવ્ય સુવાસ બને;
એય સુવાસ છે સ્વલ્પ તમારી દિવ્ય સુવાસ કને.

ચંદનને અગરૂના કોઈ ભેગા કરે ભંડાર,
તોય તમારી સુવાસની પાસે દીસે ખરે કંગાળ.

તેમ કરોડ કરે કમળો કદી એકસાથે શણગાર,
કોમળતા મળે તોય તમારી ના તેમનામાં તલભાર.

એવું તમારું સ્વરૂપ અનેરું કાળ ના તેને ખાય,
વ્યાધિ ને વાર્ધક્યથી પર, એને શેષ મહેશ ને ગાય.

વેદ વિચારી શકે નહીં એને, કેમ કરી કવિ ગાય?
લાખ ઉપાય કરે પણ શેં કરી સાગર ગાગરે માય?

ગાગરમાંય સમાયે સાગર ચાહો તમે કદિ જો,
રજમાંથી રણ થાય કૃપા જો વરસે તમારી તો.

એવાં તમે મને પ્રેમ કરો છો, હૈયું તેથી હરખાય;
અંતર ઉત્સવ ઉજવે, વ્હાલે વાણી તમોને ગાય.

પ્રેમ પરસ્પર વાધે સદાયે આપણો આ જગમાં,
હોય તમારા વિના ન કશુંયે મારી રગેરગમાં.

તનમનઅંતર આપણાં આવે વધુ ને વધુ સદા પાસ,
બદ્ધ થઈ ભલે જીવન જાયે શાશ્વત પ્રેમને પાશ.

નૂતનવર્ષ શરૂ થાય ત્યારે આજ કરું છું આશ,
'પાગલ' પ્રાણ તમારો કરી દો, પૂર્ણ કરો અભિલાષ.

આશીર્વાદ દઈ દો કે આકર્ષણ મટે નહીં,
તમારા પ્રેમની પૂજા કદીકાળ ઘટે નહીં.

* * * * *

### ૪૪. ડગે ના

ચિત્ત કદીય ડગે ના, તારું
        ચિત્ત કદીય ડગે ના.

આવે ઘોર નિરાશા તોયે
        થાયે ચલિત રજે ના,
આશા ને હિંમત ના છોડે,
        એકલ જેમ રડે ના ... તારું ચિત્ત

દુઃખદર્દનો દાવાગ્નિ પણ
        એનું હીર હરે ના;
વ્યથા વ્યાધિ ને પતન થકીયે
        એનો પ્રાણ મરે ના ... તારું ચિત્ત



સંજોગો પ્રતિકૂળ બને પણ
        એની ધૂન મટે ના;
અંધારા પંથે પણ એનો
        પુણ્યપ્રકાશ ખૂટે ના ... તારું ચિત્ત

મૃત્યુના મુખમાં પણ જોજે
        શોકિત સ્હેજ બને ના;
'પાગલ' એની અમર આશને
        હાર કદીય હણે ના ... તારું ચિત્ત

* * * * *

**૪૫. ભાવના**

તિમિરનાં થર સત્વર ભેદતાં
ગગનમાં ઉગતો મધુ ચંદ્ર આ;
અમૃતથી નભ ને ધરતી ભરે,
નવલ જીવન દે, જડતા હરે.

સંસિદ્ધિના શિખરને કબજે કરીને,
સંદેશ દિવ્ય તનને મનમાં ભરીને,
યોગીન્દ્ર કો'ક જગના હિતકાજ જાગે,
એવો જ ચંદ્ર પણ મંગલ ચારુ લાગે.

જોતાં જ સ્વાગત કરે સઘળાંય એનું,
રંગાય ના રસથકી ઉર આજ કેનું,
વૃક્ષો હલે, પવન થાય પ્રસન્ન કેવો,
આગાર અમૃતતણો મધુ ચંદ્ર એવો.



સિદ્ધિલાભ કરી પામી
ચંદ્રથી અદકી સુધા,
પૃથ્વીમાં પ્રગટું, ટાળું
જડચેતનની ક્ષુધા.

* * * * *

**૪૬. કરો મન**

કરો મન એનું ગૌરવગાન.

યોગી ને મુનિ દેવો ધરતા, જેનું નિશદિન ધ્યાન;
કિન્નર ને ગંધર્વ નિરંતર, જેનું ગાતા ગાન ... કરો મન

જ્ઞાની ને યતિ જેના રસમાં, નિત્ય બને ગુલતાન;
ભક્તો ભાવ કરીને ભજતાં, જેને ભૂલી ભાન ... કરો મન

ગૌરવશાળી છે એ સૌથી, છે સર્જનનો પ્રાણ;
એના સ્નેહે સ્નાન કરીને, સફળ કરી દો વાણ ... કરો મન

સંગીત ભલે સુણે સદાયે, એનું હરદમ કાન;
રક્તમહીં રણકાર કરો એ, બલબુદ્ધિની ખાણ ... કરો મન

એના વિના પ્રાણપ્રિય મંગલ, માનો ના કદિ આન;
વેદપુરાણ સંત ને શાસ્ત્રો, ધરતાં કૈંક પ્રમાણ ... કરો મન

સૂર્ય ચંદ્ર નક્ષત્ર ગ્રહોને, જે આપે છે પ્રાણ;
તેને માટે 'પાગલ' બનતાં, છોને ભૂલો સાન ... કરો મન

* * * * *

### ૪૭. સૂચન

પ્રેમ કરી પોકારી લે તો ઉત્તર દેશે એ,
સત્વર સુણશે આતુરતાથી લેશ તો પ્રાર્થી લે.

ઝંખ જરીક તો જીવન દેશે દૂર કરી જડતા,
ચાહી લે તો તારા દૂર કરી દેશે પ્રાણના પડદા.

માગ કૃપા તો કૃપા કરશે એ પાથરી પ્રાણમાં પ્રેમ,
શાશ્વત શાંતિ દેશે તને સાચે પૂર્ણ કરી દેશે તેમ.

જાગી જાયે જીવમાં જો તૃષા તો દૂર રહે ના એ,
અમૃતની થાય વર્ષા પછી ત્યાં લેશ ટકે વિષ શેં ?

આંસુ સારી લે તો આનંદ દેશે, ત્યાગ તો પામશે ભોગ,
પ્રેમનો રોગી બની જા તો તારો નાસશે સઘળો રોગ.

સર્વસમર્પણ જો તું કરે તો સંપત્તિ સર્વ મળે,
ડૂબી જા ભાવમહીં તો તરે ને દીનતા તારી ટળે.

યારી કરી લે તું એની તો ખરે યારી કરી લેશે એ,
વ્યાકુળ થા તો સત્ય કહું છું દેશે દર્શનને.

* * * * *

## ૪૮. અમીરસ

અમીરસ પીધો જેણે લેશ.

અમીમય થયું અંતર એનું,
        મંગલ મળીયો વેશ;
પ્રવાસ પૂરો સફળ થયો ને
        દિવ્ય સાંપડ્યો દેશ ... અમીરસ પીધો

તનમનના મેલ મટ્યા તેના,
        ભ્રમણા ન રહી શેષ;
મહિમાવાન થયો તે જગમાં
        બ્રહ્મા વિષ્ણુ મહેશ ... અમીરસ પીધો

અમંગલ ટળ્યું, મૃત્યુ મર્યું,
        સર્વ કપાયા કલેશ;
શાંતિ સિતારી વાગી તેને
        શ્વાસોશ્વાસ હંમેશ ... અમીરસ પીધો

તમારા જ સાગરથી મારું
        જીવન બન્યું રસેશ,
વરસું એ જ નિરંતર જગમાં
        એમ કરું અભિષેક ... અમીરસ પીધો

* * * * *

## ૪૯. વીણા

વીણા તારી અંદર જો વાગે

શંખ મૃદંગ વિવિધ વાજીંત્રો
        હૃદય ભરે છે રાગે;
સૂર અનેક અન્ય પણ જોને
        અનાદિ એવા જાગે ... વીણા

વાદળ ગગડે, ઘંટારવ ને
        સાગર પણ ગાજે;
સંગીત શરૂ થયું અનેરું,
        અગણિત કૈં રાત્રે ... વીણા



સંતકૃપાથી સુણ એને તો
        ભ્રાંતિ બધી ભાગે;
સુરતાને સાંધી લે એમાં,
        મુક્તિ નહીં માગે ... વીણા

સહજ સમાધિતણું સુખ પામે
        અંદર જો જાગે;
'પાગલ' પ્રીતમ પ્રભુને મળતાં
        વિલંબ ના લાગે ... વીણા

* * * * *

## ૫૦. પ્રેમીને

કોઈયે બોલાવનારું હોય ના સપ્રેમ,
બેસીશ ના તોયે કદી શોકિતના જેમ;
મૂઢ બની, ગ્લાનિ ભરી, કરતો ના ક્લેશ,
એનો પ્રેમ તારે માટે ઘટશે ના લેશ.

હાથ લંબાવી તારો કરશે સત્કાર;
મીઠા સ્વરે અંતરનો દૂર કરી ભાર.

આંસુડાને લૂછનાર કોઈયે ના હોય,
પોકારને સાંભળે ના શાંત કરે કોય;
નિરાશ થઈને તોયે બેસતો નહીં,
સાથ એનો તારાથી ન છૂટશે કહીં.

આંસુને લુછીને કરી દૂર સૌ પોકાર,
ન્હવડાવી દેશે તને ધન્યતાની ધાર.

લોકોની નિંદા ને ટીકા તિરસ્કાર તેમ,
અંતર કરી દે તારું શુષ્ક રણ જેમ;
ક્યાંયે ના આધાર મળે ઠરવાને ઠામ,
યાદ કરી લેજે ત્યારે એહનો મુકામ.

મંદિરને તારે માટે ખુલ્લું મુકી રોજ,
રાહ જોશે, કરી લેજે તેની જરા ખોજ.

સંપત્તિ ને શ્રી વિલાયે, યશ ને સુકાય,
હૈયું ગુંગળાય, ક્યાંય પાય ના મુકાય;
સૂઝે નહીં કાંઈ, જડે કોઈ ના ઉપાય,
તોયે ના હતાશ થતો, દીન ભલે થાય.

તારો હશે એ તો, તને ભેટવા સદાય,
ચાહશે સદાય તને, તું છોને ના ચાહ્ય.

### ૫૧. વ્હાલતણી વીણા

વ્હાલતણી વીણા હૃદયમાં વાગે
સૂર અમીભીના ઘટઘટે જાગે ... વ્હાલતણી

રોમરોમમાં ફુવારા ઉડે રસના લાખ હજાર
મંગલ મુખમાં ફુટી રહી છે અબજો મધુની ધાર
        મળતો સ્વાદ અપાર, જીવનમાં જાગે;
        મુક્તિ સ્વર્ગ વળી મનડુ શું માગે ! ... વ્હાલતણી

અંગઅંગમાં અમૃત આંજ્યું, શાંતિ છવાઈ તેમ;
શ્યામ શરીર વ્હાલ વરસાવે વર્ષાવાદળ જેમ;
        આંખો તેજભરી સુહ્રાય સુહ્રાગે,
        ચપલાના ચમકાર ક્ષુલ્લક લાગે ... વ્હાલતણી

કોણ અન્ય સુંદરતમ આવું તમારા વિના હો,
મુગ્ધ કરે મંગલ મનડાને તમારા વિના કો ?
        સર્વસમર્પણ હો તમોને આજે,
        આતમ જોતાંવેંત ગાયે રાગે ... વ્હાલતણી

* * * * *

## ૫૨. મિલન

હાલી ઉઠ્યાં હૈયાં અંતે આંખે આંખ મળી.

સુંદરતામાં શ્રીસરખી ને કોમળ કુસુમકળી,
મંગલતાના મંદિર જેવી નેહલ રેલ નરી;
દર્શન એનું મુનિને દુર્લભ મુજને ગયું મળી ... હાલી ઉઠ્યાં હૈયાં.

દીપ્તિ વદને, રહી તિમિરમાં તરત પ્રકાશ કરી,
મૃત જેવા જીવનમાં અમૃતધારા રહી ભરી;
વચન તેમ સ્પર્શથકી એણે મુક્તિલ્હાણ ધરી ... હાલી ઊઠ્યાં હૈયાં.

વિરહ કૈંક દિનનો ધોવાયો, રેખા સર્વ ફરી,
દર્દ હઠ્યું ને ચિંતા નાઠી, પીડાયે પ્રજળી;
આંનદતણી સહસ્રધારા અંગેઅંગ ઢળી ... હાલી ઊઠ્યાં હૈયા.

રોમરોમ ન્હાયા રસમાં ને ધન્ય થયાં સાચે,
કૃતાર્થ અંતર મસ્ત બનેલું બીજું શું જાચે;
વીણા વાગી કો બડભાગી મિલ્કત ગઈ મળી ... હાલી ઊઠ્યાં હૈયાં.

સમાધિના સાકાર સુખભરી તેમ જ શાંતિછલી,
અંતરના આરામ સમી એ આંખે આંખ મળી;
કોણ કહે પાગલશા પ્રાણે વાતો કૈંક કરી ... હાલી ઊઠ્યાં હૈયાં.

મળો સદાય આંખ આંખમાં, મૂર્તિ ને મધુરી,
રહો સદાયે સામે બીજા રસને રાખ કરી;
અમર રહો એ ઉત્સવ હૈયાં રહો હંમેશ મળી ... હાલી ઊઠ્યાં હૈયાં.

* * * * *

## ૫૩. મૂર્તિ તમારી

મૂર્તિ તમારી મનમાં, પ્રકટી પ્રભા છે તનમાં.

અનુરાગ અંતરે છે ભરપૂર કાયકેશે,
વીણા રહી છે વાગી દિનરાત પ્રાણવનમાં ... મૂર્તિ તમારી

આંખોની રોશનીમાં વચનોની મોહિનીમાં,
જ્યોત્સ્ના તમારી ઝળકે નિદ્રા ને જાગૃતિમાં....મૂર્તિ તમારી

રક્તે સદાય રણકો, વિહરો છો શ્વાસશ્વાસે;
છો પ્રાણસ્પંદનોમાં, આશે વળી નિરાશે....મૂર્તિ તમારી

અંગાંગમાં તમારી આશા ફરી રહી છે,
જીવનમહીં અનેરી કરુણા મળી રહી છે....મૂર્તિ તમારી

સુખદુ:ખમાં, હરખમાં ને આંસુમાં તમે છો;
ઉત્થાન ને પતનમાં બીજું નથી ખરે કો....મૂર્તિ તમારી

જીવનતણી તમે છો ગતિ તેમ મુક્તિ ન્યારી;
જીવન લભે તમારા બળથી જ સૃષ્ટિ સારી....મૂર્તિ તમારી

કોને કરૂં સમર્પણ, અર્પણ કર્યું બધુંયે;
પૂરણ થઈને પ્રેમી ગાઈ રહ્યો હજુયે....મૂર્તિ તમારી

* * * * *

### ૫૪. આવો

આવો મારે આંગણે રેલાવી દો આનંદ !
પ્રભાતથી હું કરું પ્રતીક્ષા આજે તો સાનંદ ... આવો મારે

ફૂલમાળ છે ગુંથી મેં તો ભાવોની મીઠી,
અંગેઅંગ ચારુ ચોળી પ્રેમતણી પીઠી;
સદગુરુના શણગાર સજ્યા છે આજે ખરે અનંત ... આવો મારે

આશા ને શ્રદ્ધા આંખોમાં જ્યોત સદા ઝળકે,
મનડામાં તો મનોરથોનો મહેરામણ મલકે;
વાણીમાં તો વ્હાલ ભર્યું છે, પોષ્યું ના પાખંડ ...આવો મારે

આસોપાલવ અવનવીન છે ભાવોના બાંધ્યા,
તપનાં કીધાં તોરણ, દિલના તારોને સાંધ્યા;
અબીલ તેમ ગુલાલ ગીતનાં ધર્યા તજીને દંભ ...આવો મારે

શરણાઈ ને વેણુ વાગે રગરગમાં છોને,
જુગો લગી જોડાઈ જાયે આતમ બે છોને;
પ્રસન્નતાનો પ્રસાદ પામું આપું તેમ અનંત ...આવો મારે

રઢિયાળું છે રૂપ તમારું જોઈને નાચું,
દિલમાં મારા ખરે કહું છું બીજું ના જાચું;
'પાગલ' કરૂં પ્રતીક્ષા પળ પળ રેલી રસનો રંગ ...આવો મારે

* * * * *

## ૫૫. તમારું રૂપ

તમારું રૂપ ખરેખર ન્યારું.

રસમય તેમજ શાંતિભરેલું,
        તેજોમય રઢિયાળું;
આનંદથકી અંકિત એવું,
        પ્રેમીજનને પ્યારું ... તમારું રૂપ

જોતાંવેંત જ સમાધિ સુખના
        અનુભવને દેનારું,
તનમનઅંતર કરે અલૌકિક,
        ચંદ્રથકી યે ચારૂ ... તમારું રૂપ

દર્શન એનું દિવ્ય થયું ને
        થઈ ગયું અજવાળું,
'પાગલ' પ્રાણે ને આંખે એ
        રૂપ સદા હો સારું ... તમારું રૂપ



* * * * *


## ૫૬. રાત

આજની છે રઢિયાળી રાત.

પ્રકટ્યો ચંદ્ર ભરીને અમૃત,
        ઓપે ગંગાઘાટ;
ફોરમ ફેલાયે ફૂલોની,
        થાય સુવાસિત વાટ ... આજની રાત

ઠંડો વાયુ નિરંતર વાયે,
        પુલકિત કરતાં ગાત;
પ્રકૃતિ પર્વ મનાવે જાણે,
        માદક છે મધરાત ... આજની રાત

યાદ તમારી ગાઢ બને છે,
        કોને કહેવી વાત !
'પાગલ' પિયુષ પાવા પ્રકટો,
        ધન્ય બને કે જાત ... આજની રાત



* * * * *

**૫૭. હવે ના**

હવે ના છૂટાં પડિયે કોઈ દી,
        હવે ના છૂટાં પડિયે.

કેટકેટલાં દિવસે ભેગાં મળી ગયાં,
        કાયમ ભેળાં રહીએ;
આંખથી આંખમાં આનંદ આંજિયે,
        પલક ના છૂટાં પડિયે ...ઓ પ્રીતમ, હવે ના

રેખા ભાગ્યની, લેખો લલાટના,
        દોષ શાને હવે દઈએ ?
આયખું આખું હવે તો બદલાયું,
        ચિંતા કરી શાને મરિયે ? ...ઓ પ્રીતમ, હવે ના

આઠે પહોર હવે આનંદ આંગણે,
        જીવનનાં દાન ભલે દઈએ;
હૈયાની હોળીને ટાઢી કરી દઈ,
        વહાલ પર વારી જઈએ ...ઓ પ્રીતમ, હવે ના

ચિંતા ને વેદનાને મારી દઈને,
        ગૌરવ ગીતડાં ગાઈએ;
મૃત્યુ જરા ને જન્મ વ્યાધિ છો જીવતા,
        ફાકી કરીને ફરિયે ...ઓ પ્રીતમ, હવે ના

આંખમાં આંખડી, સોડમાં સોડને,
        હૈયે હૈયું ધરી દઈએ;
પાગલશા એક બની શાંતિનો શ્વાસ લઈ,
        સ્વપ્ને છૂટાં ના પડિયે ...ઓ પ્રીતમ, હવે ના

* * * * *

## ૫૮. પરમધન

પરમધન મુજને પ્રાપ્ત થયું.

શાંતિ મળી ઊંડી અંતરની,
        દૈન્ય સમસ્ત ટળ્યું;
અમૃતત્વનો આસ્વાદ મળ્યો,
        ભાગ્ય બધુંય ફર્યું ... પરમધન

આધિ-વ્યાધિ-ઉપાધિ ટળી ને,
        ઉર અજવાળું થયું;
પ્રેમપિયૂષ તમારું પામ્યો,
        ચરણે ચિત્ત ઠર્યું ... પરમધન

જનમજનમની મટી દીનતા,
        જીવનદાન મળ્યું;
પ્રસન્નતામાં મળી ગયું મન,
        મૃત્યુ ક્યાંય મર્યું ... પરમધન



જ્યોત સનાતન જાગી ઉરમાં,
        ધ્રુવપદ આજ જડ્યું;
'પાગલ' દર્શન દુર્લભ મળિયું,
        અંગેઅંગ અડ્યું ... પરમધન

* * * * *

## ૫૯. પ્રભુની પ્રીત

પ્રભુની પ્રીત કરી લે તું !
        મિથ્યા માયામાં મર શું ! ... પ્રભુની.

પ્રભુનો લે આધાર સદા તો
        અશક્ય છે ના કશું;
વેદશાસ્ત્ર ને સંત કહે છે
        અનુભવશબ્દ હજુ ... પ્રભુની.

શાને સારે આંસુ, ભ્રમ મહીં
        ભટકે ભવમાં શું !
ચારુ ચરણનો રસ ચાખી લે,
        મધુને પી મુખનું ... પ્રભુની.



વૃતિને વિષયોથી વાળી
        ધ્યાન ધરી પ્રભુનું,
'પાગલ' કહે પરમપદ પામી
        બડભાગી બન તું ! ... પ્રભુની.

* * * * *

## ૬૦. આજની રાત

આજની રાત રઢિયાળી પુનમની
        આજની રાત રઢિયાળી.

રસની રેલમછેલ ચોપાસે થાય છે,
        સૃષ્ટિ સુખી છે સારી;
દોડે છે વાયુની લહરી લ્હેરેભરી,
        દેતાં એકેકને તાળી ... પુનમની

ધોળું ધબાક કેવું આભલિયું ઓપતું,
        કયાંયે ના વાદળી કાળી;
ફુલડાંની ફોરમથી ફાલી નિકુંજ આ,
        સરિતા સોહી રહી ન્યારી ... પુનમની

આંખલડી એક થઈ આપણી આજે,
        સુરતાને સાંધતાં સારી;
હૈયાને હૈયાએ હરખે હસાવ્યું,
        કરુણાની કીધી ક્યારી ... પુનમની

પુનમની રઢિયાળી રાતલડી આજે,
        માયા ને મોહ દો મારી;
‘પાગલ કે’ વ્હાલની વર્ષા વરસાવો,
        જીતે ભલે ગયાં હારી ... પુનમની

* * * * *

## ૬૧. દરેક વખતે

દરેક વખતે તમે તમારું લઈ અલૌકિક રૂપ,
પ્રકટ થાવ છો આ પૃથ્વી પર સુંદર પૂર્ણ અનૂપ;


નિયમ નથી કૈં એવો કોઈ; સ્વતંત્ર પૂર્ણ તમે,
જે ધારો તે રૂપે પ્રકટો, જાણ્યું એમ અમે.

સાધારણ રૂપમહીં વારંવાર તમે ગાઓ,
સામાન્ય બનીને આ જગમાં આવો ને જાઓ.

અલૌકિક ધરી રૂપ સદાયે અવતાર તમે લો,
નિયમ નથી કૈં એવો કોઈ, જગને જીવન દો.

રૂપ તમારું બડભાગી ને વિરલા કોઈ હોય,
તે જાણે ને માણે પામી કૃપા તમારી કોય;

'પાગલ' બનતા જાણી લીધાં, કર્યો તમોને પ્રેમ,
ભાગ્ય ખરેખર મારું માનું, વરદાન ગણું તેમ.



* * * * *

## ૬૨. પ્રતિમામાં

પ્રતિમામાં જે વસે છે.

તે જ તમે છો દેવી ત્રિપુરા, મંગલ હાસ હસે છે;
પ્રકટ થયાં છો આ પૃથ્વી પર, મંદિરમહીં વસે છે ... પ્રતિમામાં.

રોમરોમમાં રાસ રમે છે, ઘટઘટમાં ગરજે છે;
સાગર ને સરિતામાં ઉછળે, કેવલ ખરે તમે તે ... પ્રતિમામાં.

જડચેતનમાં વિરાજ્યાં તમે, વેદપુરાણ કથે છે,
તમારા વિના જગ્યા ખાલી સર્જનમહીં કશે છે ? ... પ્રતિમામાં.

અષ્ટભુજા ને નવદુર્ગા છે, રામ-શ્યામરૂપે, હે;
રાધાસીતા રૂપ તમારાં, યશ પ્રસર્યો સઘળે છે ... પ્રતિમામાં.

સર્જક ને પાલક પૃથ્વીના તમને સંત કહે છે;
'પાગલ' પ્રાણ તમોને પામી હમેંશ કાજ હસે છે ... પ્રતિમામાં.

* * * * *

## ૬૩. વ્હાલમને

અમી આંખલડીથી અળગા ના રહિયે,
ઓ વ્હાલમા, ભેટ્યાં ફરી ન છુટાં થઈએ.

અમૃતના ઓઘ શા આંખોમાં ઓપતા,
એમાં હળવેથી ભળિયે;
આતમને અજવાળે એક બની જીવીએ,
ભેદભાવને પરહરિયે ...ઓ વ્હાલમા

અંગો નથી, આ તો અમૃતઆગાર છે,
સ્વર્ગના સોપાન ભલે કહિયે;
ઓતપ્રોત આજ બની, ચિંતાને ખાખ કરી,
સુખડાં સમાધિનાં લહિએ ... ઓ વ્હાલમા

પૂરી ના થાય કદી રંગભરી રાતડી,
સો સો વરસોની ઘડી ગણિયે;
આનંદ શાંતિના સાગરશા ઊછળે,
મુક્તિની મ્હેફિલ ધરિયે ... ઓ વ્હાલમા

અંગભાવથી ઉડીને પ્રાણતણી પાંખડીએ,
વ્હાલનાં વિહંગ થૈ વિચરિયે;
બ્રહ્મલોકને ઉતારી ઉરને જ આંગણે,
મીઠા મહોત્સવ કરિયે ...ઓ વ્હાલમા

કલ્પો લગી ન કદી અળગાં થઈએ,
રંગભીના રાસ ભલે રમિયે;
મૃત્યુને મારીને, ગરવને ગાળીને,
અર્ધનારીશ્વર ફરિયે ...ઓ વ્હાલમા

અમી આંખલડીથી અળગાં ના રહિયે,
ઓ વ્હાલમા, ભેટ્યાં ફરી ન છૂટાં થઈએ.

* * * * *

### ૬૪. સંતોષ

મારા સમો સુખી ના કોઈ આ સંસારમહીં;
શાંત પ્રસન્ન વળી પુલકિત ના કૃતાર્થ તેમ કહીં ... મારા સમો

જેણે પ્રેમ તમારો પીધો, ધર્યો તમોને પ્રાણ,
ભરયૌવનમાં તન-મન-અંતર કેરું દીધું દાન;
પળ પળ ગુંથી ગીતમાળને પહેરાવી તમને,
જેની રગમાં ને અણુઅણુમાં રમતાં એક તમે ... મારા સમો

બડભાગી કો મારા જેવો જેનો પીધો પ્રેમ,
દિલનું દાન દઈને બેઠાં તમેય પાગલ જેમ;
મોહાયાં અંજાયાં તેમજ બંધાયાં પ્રેમે,
પ્રેમપીંજરે પુરાયલાં છો, છુટતાં ના કેમે ...મારા સમો

લક્ષ્મીના ઢગને શું કરવા, કીર્તિના ના કોડ,
શરીરસુખની નથી વાસના, પાડ્યો પહેલાં ફોડ;
શ્રી સંપત્તિ અમૃતપદ ને યશની ઈચ્છા હોય,
તેય તમારા કૃપાકટાક્ષે પામી લેશે કોય ... મારા સમો

જગમાં જન્મી થયો તમારો ભાગ્ય એ જ મારું,
ત્રિલોકની મિલ્કતને સારૂ ચરણમહીં વારું;
દુ:ખદર્દ ના, ચિંતાયે ના, બંધન ના કોઈ,
પામી લીધાં તમને મેં તો રાતદિવસ રોઈ ...મારા સમો

હવે તમારી સુખદ સોડમાં આનંદ કરું હું,
દૃષ્ટિ એક કરી દૃષ્ટિમાં સાનંદ ફરું છું;
આલિંગનમાં એક બનીએ, કથની ગૂઢ કહી;
કોઈની ના બીક ભલેને જાયે વખત વહી ... મારા સમો

શ્વાસોશ્વાસ ભલેને ચાલે ઉત્સવ કરતાં એમ,
જીવન કેંનાં મંગલ થાયે સંગ લસીને રે'મ;
કલ્પો લગ છૂટાં ના પડશું, રમશું સાથ રહી,
દ્વંદ્વાતીત બનીને ફરશું, કરશું દિવ્ય મહી ... મારા સમો


### ૬૫. પ્રેમ

પ્રબળ બનેલો પ્રેમ, તૂટે હવે કહોને કેમ ?
રગરગ વ્યાપ્યો પ્રેમ, તૂટે હવે કહોને કેમ ?

દર્દ મળે કે દુઃખ પડે છો, આવે સંકટ તેમ;
હસતાં હસતાં કંટકપંથે વધવું વીરની જેમ.
        નિરાશ ન થવું કેમ ...

માન મળે અપમાન થાય ને નિંદા કરતા કોક;
ફૂલમાળથી શણગારે તે ત્યાગી દેતા લોક.
        સેવું તો પણ કેમ ! ....

હાડ સુકાયે, લોહી ખૂટે, શરીર ટાઢું હેમ;
ચિંતા તેમજ વધે વેદના, વાગે શૂળી જેમ
        તો પણ દિલનો પ્રેમ ....



આંસુ થકી ના અકળાયે ને, હિંમત ના હારે;
ગરલ થકી ના ગભરાયે તે તરે તેમ તારે,
        કરતો સાચું ક્ષેમ ....

દિવસરાત વધતો ચાલે એ, જરા-વ્યાધિથી દૂર;
નસનસમાં પ્રકટ્યો છે જાણે, આવ્યું રસનું પૂર.
        'પાગલ' કરતો રે'મ ....

* * * * *

## ૬૬. મધુરા મિલને

જીવન તમારા મિલને મધુરું બની ગયું છે.

ઊંડી અશાંતિ વ્યાપી અંતરમહીં હમેંશા;
સિંધુમહીં નિરંતર મારી રહ્યો હલેસાં;
આવી ગયો કિનારો, ઉર શાંત ને થયું છે ... જીવન

અસ્વસ્થતા મટી છે મનડા તણી સદાની,
કર્તવ્ય દિવ્ય બનિયાં, દૈવી બની છે વાણી;
જે જે હતું અમંગલ તે સૌ જલી ગયું છે ... જીવન

આનંદના ફુવારા આઠે પહોર ઊડે,
ને પ્રાણ આ રમે છે નિત નવ્ય ખેલકૂદે;
કિસ્મત બધું ફર્યું ને મંગલ બની રહ્યું છે ... જીવન

આશ્રય મળ્યો છે મોટો અંતર અનાથને આ,
બડભાગશું બને ને થાયે પ્રસન્ન ના કાં ?
'પાગલ' હતું જે ખાલી ભરપૂર તે થયું છે ... જીવન

* * * * *

### ૬૭. શરણ

તમારું શરણ લઈ લે જે.

તેને કૈં પણ કઠિન રહે ના અસંભવિત પણ કે,
મુશ્કેલ બને સરળ, શોકમાં સ્મિતને પામે તે ... તમારું

ગરલ સુધામય, તાપ શાંતિમય, થૈ જાય સદાયે,
પ્રતિકૂળ બને અનુકૂળ, ધરે ચરણોમાં મન જે ... તમારું

નિરાશ પામે આશા, તેમજ મૃતને જીવન દે,
કૃપા તમારી પામી લે તે જીવનલ્હાવો લે ... તમારું

'પાગલ' શરણ લઈને આજે અનુભવવાણી કે',
કૃપા તમારી મળી જવાથી થઈ મહારી જે ... તમારું



* * * * *

## ૬૮. હિંમતનું હથિયાર

હિંમતનું હથિયાર, ધરજે હિંમતનું હથિયાર.

ધીરજ ઢાલ, ધરી સ્નેહતણી, તપ કેરી તલવાર;
સંયમ તીર, ક્ષમાનું બખ્તર, શ્રદ્ધાનો રખવાળ ... ધરજે

વિવેકને રાખ સદા વ્હારે, અંતર તેમ વિશાળ;
પોતાની સામે જ લડી લે કરવા રિપુને ઠાર ... ધરજે

નિરાશ ના થા, નાસી ના જા, ખાય ભલેને માર;
જોમ તેમ જુસ્સાથી લડજે, આવે છોને કાળ ... ધરજે

સુખદુઃખતણી કર ના ગણના, ધ્યેય હૃદયમાં ધાર;
'પાગલ' પામી પરમપદ તરી તાપ ભલેને તાર ... ધરજે

* * * * *

### ૬૯. પ્રાર્થના

દુઃખદર્દ દૂર કરો, સૌનુંયે કલ્યાણ કરો;
સંકટ સઘળાં હરો, મુક્તિની મહેફિલ ધરો ... દુઃખદર્દ

રોનારાનાં આંસુ લુવો, શોકિતના શોક હરો;
તપ્તની છાયા બની લો, મુંઝાતાનો માર્ગ કરો ... દુઃખદર્દ

અનાથ ને એકાકીનું જીવન ને સાથ બનો;
અપંગના પ્રાણ થઈ રોમેરોમે શ્વાસ ભરો ... દુઃખદર્દ

આનંદે અવની ભરી શાંતિનો શૃંગાર કરો;
પ્રેમના પ્રકાશે ભરી જડતા અજ્ઞાન હરો ... દુઃખદર્દ

ભેદભાવ દુર થાવ, મૃત્યુ તેમ ઝેર મરો;
અમૃતને રેલાવી દો, સૌનાએ ત્રિતાપ ટળો ... દુઃખદર્દ

તનમાં ને મનમાં તેમ અંગાગમાં પ્રાણ ભરો;
'પાગલ' પ્રેમીને માટે કૃપાનો વરસાદ ધરો ... દુઃખદર્દ

* * * * *

## ૭૦. સાગર

        સાગર હોય ભલે ને ખારો.
થાય મધુર મધુથી જો એક જ
        દ્રષ્ટિ કૃપાની ઢાળો ... સાગર

ગ્રીષ્મ પાનખરને ચાહો તો
        વસંતમાં પલટાવો;
અંધારાને અજવાળી દો,
        ડૂબેલાંને તારો .... સાગર

જન્મ અંધને લોચન આપો,
        ભક્ત કરી દો ન્યારો;
નિરક્ષર કરો સાક્ષર કરતાં,
        ચિત્તમહીં ચમકારો ... સાગર



નિરાશને આશા આપી દો,
        હાર્યાં તેમ હસાવો;
મૃતને સંજીવન દો, પ્રેમી
        માટે હૈયું હારો ... સાગર

'પાગલ' પ્રાણ ભલેને ખારો,
        તોય તમારો, તારો;
પોતાનો માન્યો છે તેને
        જીવજોખમે પાળો ... સાગર

* * * * *

### ૭૧. દર્શનની ઈચ્છા

આપો દર્શન એક જ વાર
અમને દર્શન એક જ વાર.

એ જ પ્રાર્થના ચરણે ધરિયે ઉઠતાં સાંજ સવાર,
સ્વીકારી લો સ્નેહ કરીને, પ્રકટ બનો તત્કાળ ... આપો દર્શન

દર્શન વિના દિવસ કૈં વીત્યા, દર્દ તણો ના પાર;
આતુરતાની અવધિ આવી, હવે કરો ના વાર ... આપો દર્શન

કોમળ કાયા, કાળજુ કૂણું, શે સહવાયે માર;
વિના વિલંબે કરો પ્રેમીને આજ પીડાથી પાર ... આપો દર્શન

ધન ના માંગુ, યશ ના ચાહું, વૈભવના ભંડાર;
વિરહમહીં અંગાગ જલે છે, શાંત કરો અંગાર ... આપો દર્શન

રોમરોમમાં રાગ ઉઠ્યો છે, તલસે પ્રાણ અપાર;
મધુરમુખ લઈ સામે આવો, સૌ સાધનનાં સાર ! ... આપો દર્શન

'પાગલ' બની પ્રેમમાં આવો હે હૈયાનાં હાર !
એક વખત પ્રકટીને પાછા જાવ નહીં કદીકાળ ... આપો દર્શન

* * * * *

### ૭૨. આશરો

એક છે તારો આશરો,
અનાથને તો એક છે તારો આશરો.

તારા વિનાનું કોઈ નજરે ના આવે,
બીજાને ભજવાનું ના અંતરને ફાવે
તારો આધાર છે ખરો ... અનાથને તો.

હૈયામાં એક તારી મૂર્તિ આંખોમાં મારી,
રગરગમાં એક તારી જાગી રહી સિતારી;
પ્રાણ છે તારામાં મળ્યો ... અનાથને તો.

તારા વિના કહેને કોને ભજું ને ગાઉં,
સુરતામાં ધ્યાનમાંયે કોને કહેને લાવું;
તુજને છું વ્હાલથી વર્યો ... અનાથને તો.

તારી કૃપાતણો જો વરસે વરસાદ તો તો,
રહે ના ત્રિલોકમાંયે કોઈ વસ્તુનો તોટો;
કૃપાનો પ્રસાદ એ મળો ... અનાથને તો.

પાગલ કે’ તારા માટે જીવું છું શીશસાટે;
ગુણલા ગાઊં છું તારા હેતે વાટે ને ઘાટે;
ભંડાર ખાલી તેં કર્યો ... અનાથને તો.

* * * * *

**૭૩. અરજી**

સિંધુમાં આજે હોડી દો સ્નેહના સમીર
        અંતરની મારી અરજી લો લક્ષમાં લગીર.

વહેલી સવારથી મેં સફર શરૂ કરી છે,
તન-મન-અંતરને અર્પી પ્રાણની પૂજા ધરી છે;
        કાળના કપાતા જાય નીર ... અરજી લો લક્ષમાં

નદીના પ્રવાહો આવે, ભેખડોને ના સતાવે,
આનંદી અંતર મારું વિઘ્નો હઠાવે ભાવે;
        નાવિક પણ થાય ના અધીર .. અરજી લો લક્ષમાં

તમારે ભરોસે હું તો પ્રવાસી બન્યો છું મોટો,
સાથ હો તમારો તો ના જીવનમાં સુખનો જોટો;
        ટળી જાય તાપ તેમ પીર ... અરજી લો લક્ષમાં

કરી દો કૃપા તમે તો સફળ બને આ ફેરો,
વિષમાં અમૃત ને ચરણે મળે સ્વાદ જીવનકેરો;
        'પાગલ' નાવડી પહોંચે તીર ... અરજી લો લક્ષમાં

* * * * *

## ૭૪. સ્મરણ

તમારું સ્મરણ મટે ન કદી.
ઉઠે છે યાદ ઘડી ઘડી ... તમારું

જન્મમુરખને વિદ્યાદેવી જગમાં ગઈ જડી,
દરિદ્રના હાથમહીં લક્ષ્મી આપોઆપ પડી ... તમારું

શે વિસરાયે પ્રથમ મિલન એ, આંખે આંખ લડી;
અંગ મળ્યાં અંગે ને વરસી સુખની દિવ્ય ઝડી ... તમારું

દિવસે રાતે આવે આંખે એ મધુ આંખલડી,
વદન વ્હાલભર વિલસે સઘળે, સુરતા સ્વર્ગ ચઢી ... તમારું

સહજ સમાધિમહીં વિચરું ને રોજ રહું છું વદી,
'પાગલ' કૃપા કરો સ્થળ તેમજ કાળ શકે ન લડી ... તમારું

* * * * *

### ૭૫. આંખ મળી આંખે

આંખ મળી આંખે તમારી
        આંખ મળી આંખે.

આશાથી ભર ઉમંગનું ઘર
        આંખ મળી આંખે
ઉડવા માંડ્યાં તનમન ત્યાં તો
        પ્રાણતણી પાંખે ... આંખ મળી

સુરતા સર્વ ગઈ સંધાઈ,
        અમૃતરસ ચાખે;
નવજીવનની વસંત પ્રકટી,
        નેહ નવલ આંખે ... આંખ મળી

કૃતાર્થતાના ઉડ્યા ફુવારા,
        વદન ઉભય ભાંખે;
ખોવાયેલું મળિયું પેલું
        અમુલખ આંખે ... આંખ મળી.



* * * * *

### ૭૬. ઝરણાંની ભાવના

વારિની વિશાળતા ના મુજને વરે,
પૂજાની માળા ભલેને કોઈ ના ધરે,
સાગર સમાન મારો પાર ના પમાય,
જે જે મળે તેને ભલે નેહથી નમાય.

સાગર થવાની મને કામના નથી,
અંતરની વાત આજે દીધી મેં કથી;
પાણીનો પ્રવાહ બની વહું ભલે રોજ,
સ્ત્રોત થઈ કરું સદા સ્વરૂપની ખોજ.

મુક્ત રીતે વહેવાનો અનેરો છે રંગ,
સાધનાનો કરવાનો ઉત્સાહથી જંગ;
તેમાં છે સંતોષ મને, તેમાં છે આનંદ,
સરળ બનીને વહું તજીને પાખંડ.



કોકની આંખોને ઠારું, વટેમાર્ગુ કોક,
આવે તેનો ફેરો કદી કરું નહિ ફોક;
પશુ ને પંખીનો બનું લગીરે વિશ્રામ,
પ્રેરણા ના ધરૂં કોક પ્રમદાને જાય.

કોક રસિયાનો બનું વિમુક્ત વિહાર,
નિરાશ કોઈનો થઊં આશાનો મિનાર.
અખંડ ઉત્સાહ તેમ કર્મતણું ગાન,
ગાઈને વહું, ભલેને મળે નહીં માન;

પ્યાસીની મટાડું પ્યાસ એટલો સંતોષ,
શાંતિ આપે તેમ ભરે મારામહીં જોશ.

* * * * *

**૭૭. બડભાગ**

કોક કરે બડભાગ
        પ્રીતિ કોક કરે બડભાગ.

કરોડમાં કોઈના દિલમાં લાગી જાયે લ્હાય,
તમારે જ માટે જીવે તે કુરબાન કરે કાય;
અંતરમાં અંગે અણુઅણુમાં કરે તમારો રાગ ... કોક કરે

બાહ્ય વિષયથી મનને વાળી ધ્યાન ધરે દિનરાત,
સ્તવે તમોને ઝંખે તેમજ કરવા ચાહે વાત;
તોડી બીજેથી એક કરે તમારામહીં રાગ ... કોક કરે

પ્રલોભનો ભયસ્થાનો આવે, ચિંતાનો ના પાર;
ડગલે પગલે પડે ચેતવું કરી વિવેક વિચાર;
અંધકારમાંયે તેનો તો પ્રકટી રહે ચિરાગ ... કોક કરે

ધન્યતા મળે તેને તેમજ નવો સાંપડે સ્વાદ,
નવજીવનનું પ્રભાત પ્રકટે, પ્રકટે વીણાનાદ;
દુર્ગંધમહીં બની જાય એ 'પાગલ' પરમ પરાગ ... કોક કરે

* * * * *

## ૭૮. વિરહ


લાગે છે દિલ મહારું દુનિયામહીં ન ક્યાંયે,
છોડી ચરણ તમારાં બીજે ન ક્યાંય જાયે ... લાગે છે.

ચાખ્યો છે પ્રેમ લોચન લોચનમહીં મિલાવી,
લાગી લગન ગઈ તે ના શાંત કેમ થાયે ... લાગે છે.

હૈયું મળ્યું છે હૈયે ને વાત કૈં કરી છે;
સ્મરણો બધાંય તાજાં હરરોજ પુષ્ટ થાયે ... લાગે છે.

આકાશ તેમ પૃથ્વી પાતાળમાં ભલેને,
વિચરું વસું છતાંયે કામણ મટે ન ક્યાંયે ... લાગે છે.

હરદમ રહે છે આંખો આંખે ને શ્વાસ શ્વાસે,
સ્મિતની છબી સલૂણી સ્મરણે રમે સદાયે ... લાગે છે.



'પાગલ' પ્રસન્ન બનતાં શાશ્વત બની લો સાથી,
દિલની દવા તો થાયે, બીજો નથી ઉપાયે ... લાગે છે.

* * * * *

### ૭૯. મોહિની

મોહિની લાગી, તમારી મોહિની લાગી.

હૃદયના વ્રજમાં પ્રણયની વેણુ આ વાગી,
મૂર્તિ મનડામાં તમારી રમે વરણાગી,
કૈંક દિનની સુતેલી તે ચેતના જાગી ... મોહિની લાગી

લોકની લજ્જા બધીએ ભીતિને ત્યાગી,
મન થયું છે રૂપના રસનું જ અનુરાગી;
તરસ છે તીખી ખરેખર પ્રાણને લાગી ... મોહિની લાગી

ચેન ક્યાંયે ના પડે, ભ્રમણા બધી ભાગી,
કહે 'પાગલ' વસ્તુ બીજી ના કશી માગી;
નયન સામે રૂપ દિન ને રાત હો રાગી ! ... મોહિની લાગી

* * * * *

### ૮૦. સમાધિ શું કરવી ?

સમાધિ શું કરવી, મારે સમાધિ શું કરવી ?

કુંડલિનીને સદ્ય જગાવી નવી જ્યોત ભરવી,
ધ્યાન ધારણાં ત્રાટકથી શું વૃત્તિ વશ કરવી ! ... મારે સમાધિ

નેતિ ધોતિ વજ્રોલી કરતાં કાયા ના દમવી;
શૂન્ય શિખર ચઢવા માટે મહેનત શું કરવી ! ... મારે સમાધિ

મહાવાક્યનો વિચાર કરતાં દુનિયા પરહરવી,
વિજનમહીં વસવાટ કરી શું મૌનવૃત્તિ ધરવી ! ... મારે સમાધિ

તીર્થભ્રમણ શું કરવું, કાયા ભસ્મથકી ભરવી;
પંચાગ્નિ સેવન શું કરવું, સિદ્ધિને વરવી ! ... મારે સમાધિ

નયન નયનમાં મળે પછીથી ચિંતા શી કરવી;
આલિંગનમાં એક થવાયે, તપસ્યા શી કરવી ! ... મારે સમાધિ

રૂપ તમારું નિરખું નિશદિન, મૂર્તિ નિત્ય નવી;
'પાગલ' પરવા સાધનની ના, થયો કૃતજ્ઞ કવિ ... મારે સમાધિ

* * * * *

## ૮૧. પ્રેમીને

એક દિવસ હું તમે બની જઉં, તમે થાવ વિરહી,
પાઠ બદલિયે એમ આપણે, સાચી વાત કહી ... એક દિવસ

વિરહ વેદના કેવી કપરી, કોરી નાખે પ્રાણ,
તેના વિના નહીં સમજાયે, ના જ ઉતરશે ધ્યાન ... એક દિવસ

રડો તપો ને ભલે ટળવળો, તોય ન દોડી આવું;
દર્દ ભરેલાં ગાવ ગીતડાં, ઉત્તર એક ન ગાવું ... એક દિવસ

શૂળી પરની સેજ ગુલાબી, તજી પથારી આજ;
એક દિવસ માટે જ સુઈ લો, સવારથી તે સાંજ ... એક દિવસ

જાય ભલેને ધગધગતા, અંગારા દેહ દહી,
બેચેની છો થાય તમોને, દેખું દૂર રહી ... એક દિવસ

પાત્રોની છો કરો આપ લે, અરજી ધરતાં ધ્યાન;
તે વિના ખરે કઠોર જેવો, પીગળશે ના પ્રાણ ... એક દિવસ

દંડ કમંડલ આપું મારાં, કરો હિમાલય વાસ;
જ્યાં વિચરો ત્યાં અશાંતિ પામો, સુખની છોડો આશ ... એક દિવસ

આંખોની સામે હરદમ હું રમું ભલેને રાસ,
મનડું મથે મળવાને માટે તોય ન આવું પાસ ... એક દિવસ

જુઓ મજા શી પછી વિરહની સ્વાદ સ્નેહનો આ;
તે વિના તમે સમજી શકશો મિલનતણો રસ ના ... એક દિવસ

અન્ન ન ભાવે, જલ ન ભાવે, તોય ન પાસે આવું;
દિલ ના લાગે ક્યાંય તમારું તોપણ દૂર ના જાવું ... એક દિવસ

પ્રેમીનો તલસે છે તમને મળવા કેવો પ્રાણ;
તે વિના નહીં સમજી શકશો, ઉઘડશે ના કાન ... એક દિવસ

સિંહાસન છોડીને આવો પ્રેમી પૂર્ણ થઈ,
પછી દૂર ના પળ પણ રે'શો; વેળા જાય વહી ... એક દિવસ

આજ સુધી કૈંયે પ્રેમીને, તાવ્યા તપવ્યા તેમ;
રડાવ્યા વળી ટળવળાવિયા, કો'ક ક્રૂરની જેમ ... એક દિવસ

કોમળ થશો દયાળુ વધારે પ્રેમ ભરેલાં તેમ,
ચાહે તેની પાસે પ્રકટી કરશો સત્વર રે'મ ... એક દિવસ

ભવિષ્યના ને વર્તમાનના ભક્તો ધન્ય થઈ,
મારા તેમ તમારા ગાશે ગુણને મુક્ત બની ... એક દિવસ

'પાગલ' કે' રોષે ન ભરાશો, વ્હાલની કહી વાણ;
વિરહી થશો તો પણ પળ મારો રે'શે દૂર ન પ્રાણ ... એક દિવસ

* * * * *

## ૮૨. પ્રેરણાદેવી

પ્રેરણાદેવી, તમે છો પ્રેરણાદેવી !

પ્રાણની પાંખે ઊડીને પ્રેમભર એવી,
નિરંતર તમને અડુ ત્યાં દીનતા કેવી !
ધન્ય થાય જિંદગી તેમજ ધની જેવી ... પ્રેરણાદેવી

રસ સુકાયે ના કદીયે તેમ અશાંતિ નહીં;
અર્ણવે આનંદના ના ઓટ થાય કહીં;
લીલીછમ હરરોજ ધરતી અપ્સરા જેવી ... પ્રેરણાદેવી

દુઃખદર્દમહીં તમારો સાથ એક સહી;
વિજન વગડે તમારા વિણ મિત્ર અન્ય નહીં,
જિંદગીની ગતિ તમે કલ્યાણની દેવી ! ... પ્રેરણાદેવી

ગીતની ગંગા તમે છો વાત સત્ય કહી;
તમારા સહવાસમાં સુખ રહ્યો દિવ્ય લહી;
ચહે 'પાગલ' યુગયુગ રહો પ્રેરણાદેવી ! ... પ્રેરણાદેવી

* * * * *

## ૮૩. યોગીને

ભ્રમણા તારી છોડ,
યોગી, ભ્રમણા તારી છોડ.

એકાંતમહીં વાસ કરીને સમાધિમાં મન જોડ,
નેતિ ધોતિ તેમ ખેચરી ત્રાટકના કર કોડ
કઠિન ક્લેશમય સાધન સઘળાં, મમતા તેની તોડ ... યોગી

ભસ્મવિલેપન જટા-ચર્મ ને દંડ-કમંડલ છોડ,
માયાવી મન પંચાગ્નિને બદલે પ્રભુમાં જોડ;
રૂપ અનેરૂં મધુમય મંગલ, મેળવવા બક હોડ ... યોગી

પ્રેમપંથનો પાંથ બની જા તજતાં પંથ કરોડ,
'પાગલ' પ્રેમી બન ઘટઘટમાં જગવી સ્નેહસરોદ;
અનુભવવાણી સુણ તો પ્રકટે નૂતન ભવ્ય પરોઢ ... યોગી


* * * * *

### ૮૪. ચાહના

આ મુગ્ધ મસ્ત દિલમાં છે ચાહના ભરેલી,
એકાદ મૂક આશા એની મહીં ઉઠેલી
કોઈક બીજ હોયે સીંચન તહીં થવાની
કોઈક અંકુરોમાં ફુટવા કળી મજાની.

હોયે કળી બની ત્યાં ફુલ ગંધ આપવાની,
કોઈ ફુલ થઈને ફલ મિષ્ટ આવવાની. ... આ મુગ્ધ

કોઈક બીન તારે સંગીતમાં ઉઠીને,
કોઈક દીન પ્રાણે સંજીવની બનીને,
કોઈક તીવ્ર તાપે છાયા મહા થઈને,
કોઈક મૂક આહે અશ્રુમહીં સરીને.



ચાહે હમેશ દિલ આ બનવા કૃતાર્થ સાચે,
આ નાનકા હૃદયમાં છે ચાહના સદા એ.

જીવન ચાહે સદાયે કોઈકનું થવાને,
માગે પ્રકાશ બનવા આ પ્રાણ કો'ક કાજે,
આ સ્વસ્થ કાય, મન આ, આ દિવ્ય હૈયું મારું,
'પાગલ' ચહે થવાને સંપત્તિ કો'ક સારું ... આ મુગ્ધ

* * * * *

### ૮૫. પ્રાર્થના

તમારે કાજે હૃદયમાં કારમી પીડા
જગાડી દો, વગાડી દો વેદના વીણા.


તમારા સંસર્ગ માટે હૈયું આ આતુર
કરી દો હંમેશ માટે પ્રેમ-ચકનાચૂર.

રાગ ને આલાપ બીજા સૌ વિલીન બનો,
તમારો અનુરાગ શતશત કલામાં પ્રકટો !

રહેવાયે એક ક્ષણ ના લાલસા એવી
ભરી દો નસમાં તમારા પ્રેમની ભારી.

આંખ કેવલ જુએ તમને, વિચારે આ ચિત્ત,
તમારી જ રહો અનેકગણી થઈને પ્રીત.

કરી 'પાગલ' છટપટાઓ ભલે ઈચ્છો તો,
ચેન આલિંગન વિના ના પડે એ વર દો !



* * * * *

**૮૬. આહ્વાન**

તું માનવ, ઈશ્વર છે !

ફગાવ આશા, બંધ બધાયે તોડીફોડી દે,
દુઃખદર્દને દફનાવી દે, કાલનિયંતા હે ! ... તું માનવ

મહિમા તારો સમજી લે જ્યાં હારે શ્રુતિસ્મૃતિયે,
પુરાણ પુરષોત્તમ તું, પડદો દુર હટાવી દે ... તું માનવ

પૂર્ણાનંદ પરાત્પર સ્વામી, પૂર્ણસત્ય સુખ હે !
વાસનાતણો દાસ મટી જા, પ્રેમતણો પથ લે ... તું માનવ

નિત્યમુક્ત ને નિત્યનિરંજન, નિત્યશુદ્ધ શુચિ હે !
ઉઠ હટાવી દે તમ, સ્થિત થા સમ્રાટપદે રે ! ... તું માનવ

દાનવમાંથી માનવ થા, થા અંતે ઈશ્વર ને,
સ્વાર્થ મોહ ને ક્ષુદ્ર વાસના કરતી જંતુ તને ... તું માનવ

ઉન્નત શિર કર, ગૌરવ મુખ ધર, ભેટી લે સૌને,
મંગલ મહિમામાં સ્થિત થા તો, અસાધ્ય શું તુજને ? ... તું માનવ

* * * * *

## ૮૭. પ્રેમ કરી લે

તું પ્રેમ કરી લે, આશ ભરી લે,
શ્રદ્ધા કેરું સુકાન કરી લે, આ જીવનમાં પ્રેમ કરી લે !

તું પ્રેમ કરી લે, પ્રવાહ બનતાં સૌને કાજ વહી લે,
ના નિરાશા થા કે ડગ ના કોદી, પ્રેમ-દેવ સેવી લે !

છોડ અહંતા, જૂઠી મમતા, રાગદ્વેષને દૂર કરી દે,
કામક્રોધ ને દુર્ગુણ સામે લડ ને અંતે વિજય વરી લે.

અભિમાન જરીપણ ફેંકી દે, લોભ લાલસા દિવ્ય કરી દે,
પરહિતમાં તત્પર બન, તારું જીવન-મંગલ ખરું કરી લે.

મદમત્સર ને ઘમંડ છોડી શુચિતાનો શણગાર સજી લે,
સરલ બની લે, શાંતિ લભી લે, જીવન તારું તીર્થ કરી દે.

પ્રેમદયાથી ભૂષિત બન, બન સત્ય પથતણો પાંથ લગીરે,
વિશુદ્ધ કર અંતરને, તેની ફોરમથી અંગાંગ ભરી દે.

રાતદિવસ કર ખેતી તારી, મધુર ફલતણી પ્રાપ્તિ કરી લે,
જીવનમરણ દ્વંદ્વથી પર થા, મંગલતાનું પાન કરી લે.

નામ-નાવથી ભવસાગરમાં સલામત બની સફર કરી લે,
સંસારમહીં સ્વર્ગથકી વધુ આનંદ કરી મુક્ત બની લે.

અવસર આવો મળ્યો તને આ, માનવનો તો પૂર્ણ બની લે,
'પાગલ' બની ધન્ય કર જીવન, જ્ઞાને અંતર અજવાળી લે.

* * * * *

**८८. क्या करना था**

क्या करना था क्या करता है

हरि भजना था, हरि स्मरना था
        त्रिविध ताप जो दूर करता है ... क्या करना था

जो जगजीवन उनको भजके
        जीवनमें अमृत पाना था;
सुखदुःख से हो पर आखिरमें
        सफल मनुजजीवन करना था ... क्या करना था

प्रेम परम पाना था, तजके
        रागद्वेष को हंसना था;
क्षणभंगुर जीवनमें आकर,
        शरीरमें नहीं मरना था ... क्या करना था



भूल गया सब बातें, भूला
        नहीं जिसे तू भूलना था;
'पागल' चेत अभी तु भाई,
        पा ले, प्रभु को पाना था ... क्या करना था

* * * * *

## ૮૯. પીંજર રાખો

મને પીંજર રાખોજી.
તમારે ચરણયુગલને પીંજર રાખોજી ... મને

પીંજર રહેવું, હરનિશ રહેવું, ચરણામૃતને લેવું,
તીર્થ સકળ જ્યાં મળી રહ્યાં ત્યાં સ્વર્ગમુક્તિ સહ રે'વું ... મને

પીંજર સોને ઘડ્યું તમારૂં, હીરામોતી મઢેલું,
બંદી તેમાં થાવું મારે, મુક્ત છતાંયે રે'વું ... મને

નયનનેહથી ન્હાવું મારે, હૃદયરસે રંગાવું;
આ અન્નેજ ઉછરવું મારે સદાકાજ બંધાવું ... મને

ચિત્તનું પંખી મારૂં જોઈ ચરણચારુ લલચાયું,
પીંજરમાં રાખો તો એને થાય સદા અજવાળું ... મને

તમને એનો હર્ષ થશે કે મુજને ના એ જાણું,
'પાગલ' પ્રેમી બંને મળતાં શાંતિ સનાતન માણું ... મને

* * * * *

## ૯૦. તંબુરો

તનનો મેં તંબુરો બનાવ્યો,
તારે દ્વારે આવ્યો, તનનો મેં તંબૂરો બનાવ્યો.

નસનસના તાર કર્યા મેં આ,
તારું ગીત જ ગાતો, દ્વાર તહારે આવ્યો ... તનનો

મૂક હતો તે ગાવા લાગ્યો,
અશક્ત પાસે આવ્યો;
તારો મહિમા બની છેવટે
તારા મહીં સમાયો ! .. તનનો

એક આંસુમાં પૂજા કરતાં
ચરણ તહારે નભ્યો;
મૈંપન ભેટમહીં હું લાવ્યો,
તારે દ્વારે આવ્યો ! ... તનનો



* * * * *

## ૯૧. મધુર

મધુર મધુર ઓ મધુર મધુર !
        મધુર તમારું સર્વ મધુર,
ઓ મધુર, મહારસથી ભરપૂર !
        મધુર મધુર ઓ મધુર મધુર !

મધુર નયન, મધુ ભ્રમર, વદન મધુ;
        મધુરસથી વચને ભરપૂર;
મધુર કેશલટ, મધુર ચલન, મધુ વસન,
        દૃષ્ટિ મધુથી ભરપૂર.

મધુ મધુ દર્શન, મધુ મધુ સ્પર્શન,
        મધુ મધુ ચિંતન, સર્વ અનૂપ,
મધુ મધુ કીર્તન, રસભર ઘનસમ
        અંગ તમારું રસે ભરપૂર.



મધુ તમે, આ મધુમય વિશ્વનું,
        એક સનાતન સાચે મૂલ,
મંગલ મિલન મધુર, વિરહનું
        જે દર્દ તેય સાચે સુમધુર !

* * * * *

## ૯૨. રંગ

એણે નાંખ્યો મુજ પર રંગ !
તન પર નાખ્યો, મન પર નાખ્યો, હૃદયે નાંખ્યો રંગ ... એણે

લીલો પીળો લાલ વાદળી બધી જાતનો રંગ,
ફરી વળ્યો છે રંગ એહનો મારે અંગે અંગ ! ... એણે

નયને વ્યાપ્યો, વદને વ્યાપ્યો, હૃદયે વ્યાપ્યો રંગ,
ચરણે ઢાળી એણે મેંદી જેવી મીઠી ગંધ ... એણે

દર્શનથી કે સ્પર્શ સ્વરથકી આલિંગનથી રંગ,
ના જાણું કે શાથી નાખ્યો, નાખ્યો કિન્તુ રંગ ... એણે

'પાગલ' હું તો થયો છું, આજે ગાતાં ગાતાં છંદ,
મસ્ત પ્રાણ મારો હાસે છે પ્રક્ટયો જેમ મયંક ... એણે

* * * * *

**૯૩. સ્મરણ**

કમી તમને હતી કોઈય વસ્તુની નહીં જગમાં,
છતાં ભૂલીશ ના જગ્યા કરી મારી તમે ઉરમાં.

કર્યું દર્શન મુજમહીં પ્રેમનું પોતે જ પ્રેમ છતાં,
તમારા રિક્ત ઉરની પૂર્તિ જોઈને તમે મુજમાં.

પવિત્ર છતાં પવિત્ર થવાં તમે ન્હાયા મુજ પ્રણયમાં,
તમારું હ્રદય તલસે મને, હરખો સોડમાં લેતાં.

થઈ 'પાગલ' તમે આનંદમય આનંદ પણ લભવા,
કર્યો છે પ્રેમ તમારી સાથ ના ભૂલીશ જીવનમાં !

* * * * *

## ૯૪. પ્રભુપ્રેમ

પ્રભુપ્રેમ જાગી ગયો મારા પ્રાણમાં
પ્રેમ પાવો વાગી ગયો મારા પ્રાણમાં ... પ્રભુપ્રેમ

નામના જપમાં જોડાયું ચિત્તડું,
જૂનું સંભળાયું સુરતાનું ગીતડું,
મંગલ મૂર્તિ રમે મારા ધ્યાનમાં ... પ્રભુપ્રેમ

રોમરોમ રંગાયા રંગભીના રાગથી,
અંજાયો આતમ અનેરા અનુરાગથી,
હંસલો લાગી ગયો એના તાનમાં ... પ્રભુપ્રેમ

બંધન તૂટી ગયાં સર્વ છેવટે,
ક્રંદન છૂટી ગયાં ભવને તટે,
અંતર ડૂબી ગયું રસપાનમાં ... પ્રભુપ્રેમ

* * * * *

## ૯૫. શાંતિ

ઉરને શાંતિ કેમ જ થાય ?
એને વસવસો શે થાય ?...ઉરને

પ્રાણાયામ કરે, ધ્યાન ધરે, શાસ્ત્રાભ્યાસ કરાય,
તીર્થાટન ને તપવ્રત સાધે મટે ન એની લ્હાય ...ઉરને

શાંતિ તણો સાગર છે અંદર ઉછળે શુદ્ધ સદાય,
સ્નાન કરી લે એમાં સ્નેહે એ જ અમોઘ ઉપાય ...ઉરને

શાંતિરૂપ સ્વયં આત્માને પ્રેમપૂર્ણ પમાય,
મહોત્સવ બને જીવન તો આ, બંધનમુક્ત બનાય ...ઉરને

* * * * *

## ૯૬. અવતાર લો

અવતાર લો મથુરામાં,
અખિલેશ, અવતાર લો મથુરામાં.

કારાવાસે રડે વસુદેવ દેવકી
ઉગ્રસેન બંધાયા કંસ તણા દ્વેષથી,
ઢાળો કૃપાતણી ધારા ... અખિલેશ

મનની મથુરામાં પ્રકટી લો પ્રેમથી
રાસ રમો બુદ્ધિની રાધા શું સ્નેહથી,
કુંજ ને નિકુંજમાં રમો રઢિયાળા ... અખિલેશ

વૃંદાવન જીવનનું ધન્ય કરો પ્રેમે,
આતમની દ્વારકા ને રંગી દો રે'મે,
સ્થાપી દો ધર્મને ન્યારા ... અખિલેશ



ઝાંખી હો પાવન તો બાકી કૈં ના રહે,
મરી જાય મૃત્યુ ને જીવન સઘળે વહે,
તૂટે સૌ તોતિંગ તાળાં ... અખિલેશ

* * * * *

## ૯૪. પાવન પળ

આજે પાવન પળ આવી
        લહાવો અમૂલખ શો લાવી ... આજે

અંધકાર વ્યોમ મહીં વ્યાપ્યો, પૃથ્વી પણ છે શાંત,
બાંધ્યા તોરણ તારાગણના વધાવવાને કાંત,
        તિમિરદળ ના જ શક્યું ફાવી ... આજે

કારાવાસે પ્રકટ બનીને સંમોહિની નાખી,
ધરા સકળ ધન્ય બની દેખી હર્ષ રહ્યો વ્યાપી,
        દીધો શોક સહુ ફગાવી ... આજે

તાળાં તૂટ્યાં, દ્વાર ઉઘડ્યાં, વિઘ્ન થયાં સૌ દૂર,
યમુનાએ મારગ આપ્યો સૌ શાંત કરીને પૂર,
        આંચ ના કોઈને આવી ... આજે

કરો મહોત્સવ પ્રભુજી પોતે પ્રકટ થયેલા આજ,
શરણાગતનાં સર્વ કરી દે કાજ રાખતાં લાજ,
        એની યશગાથા ગાવી ... આજે

* * * * *

## ૯૮. ભેદ

જીવ ને શિવમાં એટલો ભેદ,
વચ્ચે કહેવાયે છે પડદો એક,
વર્ણવે સંત સનાતન વેદ ... જીવ ને શિવમાં

પડદો હઠે તો દર્શન પામે,
બંધન તૂટે સંતાપ સૌ શામે,
આલિંગે અનુભવી પૂર્ણ અભેદ ... જીવ ને શિવમાં

એક જ તત્વનાં નામ છે બંને,
એક જ સત્વનાં ધામ છે બંને,
ભોગવે એક છતાં પણ ખેદ ... જીવ ને શિવમાં

પડદો હઠાવો કૃપા કરી પ્રેમે,
દર્શનનું સુખ સાંપડે રે'મે,
નાનો શો પાડવો કલ્પિત છેદ ... જીવ ને શિવમાં

* * * * *

## ૯૯. આવું તે શું કરો

આવું તે શું કરો, અહર્નિશ આવું તે શું કરો !

અક્ષયપાત્ર મહીં અમૃતનો અર્ણવ દિવ્ય ભરો,
નેન નેહ નીતરતાં ઢાળી સમીપમાં વિહરો,
આતુર કરો હૃદયને તોયે બિંદુ ન એક ધરો ... અહર્નિશ

પાંપણ પર પગલી પાડીને પ્રાણ ઉપર અભિષેક
કરતાં ઘડી વિરાજો પામી આરાધન અતિરેક,
પ્રસાદ પામું ના પામું ત્યાં પાછા તરત ફરો ... અહર્નિશ

પરબ પ્રેમની પૂર્ણ તમારી પાંથ જેમ પેખી,
સઘન છાંય વૃક્ષોની પામી ઉલ્લાસિત વિવેકી,
આવું આગળ ત્યાં તો સત્વર દ્રશ્ય સમસ્ત હરો ... અહર્નિશ

સ્નાન કરે સુખરૂપ સરિતામાં ભલે સદાય વિહંગ,
કૃતાર્થ થાય સલિલ પાન કરી સર્વ અંગ પ્રત્યંગ,
હવે પૂરાણી ક્રીડા છોડો કરવા ખેલ ખરો ... અહર્નિશ

* * * * *

## ૧૦૦. નહીં વિસારું

તારા પ્રેમને નહીં કદીય વિસારું,
જીવનભર ન વિસારું .. તારા પ્રેમને

માનવ જીવન સુરદુર્લભ આ કૃપા કરીને આપ્યું,
પ્રેમભાવ પ્રકટાવી પ્રાણે તિમિર પુરાતન કાપ્યું,
મૃત્યુતણા મુખમાં અમૃતને છાંટી દીધું ન્યારું ... તારા પ્રેમને

સિતારી જીવનની સૂની ઝંકૃત કરતા તાર,
સુરાવલિથી સભર બનાવી ગાઈને મલ્હાર,
સૂકી ધરતી પર વરસીને જગત જગાવ્યું પ્યારું ... તારા પ્રેમને

પદ્મદલે કિરણો પ્રસરાવ્યાં પ્રભાકર બની પૂર્ણ,
યુગ યુગનું જાડ્ય હર્યું કરતાં અશાંતિ સઘળી ચૂર્ણ,
સરિતાને સાગર પ્રતિ વાળી જીવનને ઉદ્ધાર્યું ... તારા પ્રેમને

પાર્થિવ પદાર્થમાંથી મનને પાછું વાળી લીધું,
અંતર મેં આપ્યું તો સ્થાન મને અંતરમાં દીધું,
અકારું બન્યું પારસ સ્પર્શે સર્વોત્તમ ને ચારુ ... તારા પ્રેમને

* * * * *

## ૧૦૧. ગીતાની આરતી

ગીતાની આરતી ઉતારો આજ (૨)

આતમના અનુરાગે આરતી ઉતારો,
રોમરોમ રંગીને આરતી ઉતારો,
સિધ્ધ થાય જેથી બધાયે કાજ ... ગીતાની આરતી

ધર્મ-અર્થ-કામ-મોક્ષ મેળવવા માટે,
જીવનની ધન્યતા ને શાંતિને કાજે,
અંતરનો પૂરીને એમાં અવાજ ... ગીતાની આરતી

અજવાળું જીવનમાં પથરાય એનું,
અંધારું દુર થાય જુગજુગનું એવું,
વાગે અવિનાશી ઝાંઝ પખાજ ... ગીતાની આરતી

ધર્મક્ષેત્ર કુરુક્ષેત્ર જીવનનું ન્યારું,
પ્રભુનું શરણ લઈએ મહીં પ્યારું,
મેળવતાં અવિનાશી આતમરાજ ... ગીતાની આરતી

* * * * *

## ૧૦૨. ગીતાની સ્તુતિ

જય જય મંગલ ગીતા માત
ક્લેશવિનાશક શાંતિ પ્રદાયક, સુખકારક રસમય રળિયાત ... જય જય

કુરૂક્ષેત્રના પુણ્ય પ્રદેશે અર્જુન શોકનિવારણ કાજ,
ભગવદ્ મુખથી પ્રકટ થયેલી સજી વિવિધ શાસ્ત્રોનાં સાજ ... જય જય

જ્ઞાન યોગ ભક્તિ કર્મ તણાં મર્મના કર્યા સહજ ઉકેલ,
જીવનની ઉન્નતિના મંત્રો ઉદબોધ્યા ક્રમવાર અનેક ... જય જય

અસત્યમાંથી પરમસત્યમાં, અવિદ્યા થકી પરમ પ્રકાશ,
મૃત્યુ મહીંથી અમૃત રસમાં પ્રવેશવાની ગાઈ વાત ... જય જય

અનાસક્ત ભાવે કર્મ કરી સાધીએ સર્વતણું શ્રેય,
અનુગ્રહ કરો એવો અમ પર, ચાલી સત્પથ પર દિનરાત ... જય જય

* * * * *

## ૧૦૩. વેણુને શું થયું

પેલી વેણુને શું થયું, દિવાનું દિલડું એનું બન્યું.

વાંસ તણો ટૂકડો પણ કેવું કિસ્મત છેક ફર્યું,
મનમોહનને મોહ પમાડ્યો અમૃત અદકું ધર્યું,
ઋષિવર વરતાં જેને એનું અંતર એને વર્યું ... પેલી વેણુ

તપવ્રત શમદમ સાધન કીધાં, પરમ પુણ્ય પ્રકટ્યાં,
જ્ઞાનયોગના ફળને પામી, તીર્થ ઉરે અટક્યાં ?
બની મુગ્ધ એ મુરલીધરનું મન પણ મસ્ત કર્યું ... પેલી વેણુ

જડ તોપણ જીવનને જગવ્યું જગજીવન પ્રાણે.
છોડે એને ક્ષણ પણ એ ના જાગૃતિમાં ધ્યાને,
એના સ્વર સાંભળતાં સર્જન સૌ સંતાપ તર્યું ... પેલી વેણુ

પ્રથમ બની પોલી ને પામી સમર્પણ થકી પ્રેમ;
કાળી તો પણ કંચનવર્ણી લીધો સેવા નેમ,
હરિની થઈ રહી તો હૈયું હરિવર કેરું હર્યું ... પેલી વેણુ

પેલી વેણુને શું થયું, દિવાનું દિલડું એનું કર્યુ ... પેલી વેણુ

* * * * *

### ૧૦૪. મળે ન મળે

મળ્યા દેવોના દેવ પરમ જેને
        તે દેવને અન્ય મળે ન મળે;
જેણે વાત કરી જગદીશ્વર શું
        તે અન્યને વાત કરે ન કરે ... મળ્યા

અભિરામ નિહાળ્યું સ્વરૂપ પછી
        જગના રૂપોને જુએ ન જુએ;
જેણે મહિમાનો મહારસ માણ્યો
        મહિમાને અન્ય સુણે ન સુણે ... મળ્યા

સ્નાન કરે નિશદિન ગંગામાં
        તે બીજે સ્નાન કરે ન કરે;
ઘટ ઘટમાં શાંતિ પરમ પ્રકટી
        બીજે સુખ કાજે ફરે ન ફરે ... મળ્યા

પારસનો સ્પર્શ થયો જેને
        તે લોહનો સ્પર્શ કરે ન કરે;
સંજીવન પામ્યા પૂર્ણ પછી
        સાગરમાં તરે કે તટને મળે ... મળ્યા

* * * * *

### ૧૦૫. આ જીવનના પુણ્યપ્રવાસે

આ જીવનના પુણ્યપ્રવાસે એકલ આવી એકલ જાવું.

અંતરની વીણા પર નિશદિન ગીત સનાતન એકલ ગાવું.
આશા કેવળ એક જ મારી ધ્યેયતણું વિસ્મરણ ન થાયે,
પૂર્ણ કરું યાત્રાને ત્યારે પાછળ પગલાં પુનિત પડાયે ... આ જીવનના

સંબંધ ભલે થાય અનોખા આસક્તિ પણ ક્યાંય ન જાગે,
રોમરોમમાં મંગલ વીણા તમારી જ રસઝરતી વાગે,
મમતા હો અન્યત્ર ન ક્યાંયે, પ્રિય ન તમારા સમ કો' લાગે ... આ જીવનના

સાથ સનાતન રહે સાંપડી શ્રેયસ્કર સુખકારક ન્યારો,
તમારી જ હો હૂંફ અનોખી વરદ હસ્ત હો શિરે તમારો;
પ્રવાસ એકલ હો કરવાનો તો પણ લાગે નહીં અકારો ... આ જીવનના

* * * * *

## ૧૦૯. માતાને

એકવાર આવો માતા મારે મંદિરે રે.

મંદિર તમને મળી મલકાય,
એની રચના સફળ બની જાય ... એકવાર

સાથિયા સ્નેહના પૂર્યા છે આંગણે,
તોરણ તપના બધે સોહાય ... એકવાર

રંગરાગ આસપાસ સઘળે ઓપતા રે
ધૈર્ય કેરા ધ્વજ ને કળશ લહેરાય ... એકવાર

પ્રેમના પ્યારા પ્રદીપ પ્રકટી રહ્યા,
જ્યોતના રૂપે ધરો અવતાર ... એકવાર

શાંતિ ક્યાંથી તમારા વિના મળે રે,
ક્યાંથી ઊંડી મટે મારી લહાય ...એકવાર

અલ્પવાર આવો તો જાગે જિંદગી આ,
ધન્યતા આતમમાંહી ના માય ... એકવાર

* * * * *

## ૧૦૭. જ્ઞાનેશ્વરને

હે જ્ઞાનેશ્વર હે ધ્યાનેશ્વર,
હે યોગેશ્વર સંયોગેશ્વર પ્રણામ શતશત હો તમને;
અનુગ્રહનું અમૃત વરસાવી આજ કૃતાર્થ કરો અમને .. હે જ્ઞાનેશ્વર

મહિમા સુણી તમારો આવ્યાં દૂર દૂરથી અમે અહીં,
ગુણ સંકીર્તન શ્રવણે મનને હૈયું હાથ શક્યું ન રહી.
વિલંબ ના જ કરો વેળાસર સત્કારો સપ્રેમ હવે ... હે જ્ઞાનેશ્વર

લૌકિક નથી લાલસા કોઈ, આશ પારલૌકિક પણ ના;
વિવેક ને વૈરાગ્ય દાન દો, પ્રેમ પવિત્ર સનાતન હા,
સિદ્ધિ શિખર સર કરી આતમ રંગમહીં રસરાજ રમે ... હે જ્ઞાનેશ્વર

વાસના ન હો ક્ષુલ્લક મનમાં, આત્માના અનુસંધાને;
જીવન ઉજવે ઉત્સવ નિશદિન, પરિપ્લાવિત બનતાં ગાને.
વરસો, સંજીવન રેલી દો, પ્રકાશ તરવાને તમને ... હે જ્ઞાનેશ્વર

* * * * *

### ૧૦૮. જાસુસોથી

જાસુસોથી ચેતતા રહેજો, તસ્કરો ના ફાવવા દેજો,

વિરોધી અંદર બહાર રહ્યા, ખેલ સૌના મલિન છે સઘળા;
એમને મેદાન ના દેજો, શરણ શ્રીવરનું સદા લેજો ... જાસુસોથી

મહામોંઘું ધન તમે પામ્યા, ક્લેશ જેથી તમારાં શામ્યા,
પરમનિધિ તે લૂંટવા માગે, રહેવા દે સદા ના રાગે.

સ્મરણની સ્વર્ગીય સરિતામાં, નિમજ્જન કરતા સદા રહેજો,
કૃપાળુ સંરક્ષશે સઘળે, અન્યને કાંઈ જ ના કહેજો ... જાસુસોથી

જટિલ યાત્રા જિંદગી કેરી, સનાતન સાથી સફળ કરશે,
વિરોધો, વિઘ્નો, વિષાદોને, વિષમતા ને વિરહને હરશે.

પરમપદ અંતે સુખદ ધરશે, કિન્તુ કાર્ય તમે કર્યા કરજો,
પ્રમાદ તજી એક આરાધન, અહર્નિશ કરતાં સુખે સહેજો ...જાસુઓથી

* * * * *

## ૧૦૯. રઢિયાળી રાત

આજની એ રઢિયાળી રાત.
વર્ણવી શકું કેમ કરીને રસમય ને રળિયાત ... આજની

મંદિરના પ્રાંગણમાં પ્રકટ્યાં અનુપમ રૂપ ધરી,
પ્રણામ સાથે પ્રતીક્ષા કરી સ્મિતથી હૈયું હરી;
સ્પર્શ માત્રથી ઝંકૃત બનતાં કરવા લાગ્યાં વાત ... આજની

પ્રેમ જુએ ના આકૃતિ વિદ્યા વય કે લૌકિક વર્ણ,
ખરી પડ્યાં પરિપક્વ અનેરાં પ્રાણમહીંથી પર્ણ;
મળ્યા કેટલે વખતે જાણે અભિનવ કરતાં જાત ... આજની

* * * * *

## ૧૧૦. પ્રીત

એવી આપણી પ્રીત,
પ્રગટી એવી શાશ્વત પ્રીત.

અંધારઘેરાં અભ્રોને ભેદીને આજ પ્રતીચિને ભાલ,
રંગોળી રેલતાં સૂર્ય પ્રવેશે પ્રકૃતિને કરી ન્યાલ,
મંથનના પરિણામે દેવોને પ્રાપ્ત થયું નવનીત ... એવી

ક્ષણક્ષણ વાધે સ્વાદુ સરોદો સંજીવન આપે,
જાડ્ય ક્લેશ કે કીટ બધાંયે જીવનના કાપે,
પ્રકટ થતાં જ બન્યું પાવન ને પુલકિત કેવું ચિત્ત ! ... એવી

વસંત શી પાનખરે, રણમાં વનસ્થલી જેવી,
સરિતાઓ જીવનની એણે ધન્ય કરી કેવી,
ગાવી એને કેમ કરીને બન્યાં આપણે ગીત ... કેવી

* * * * *

## ૧૧૧. પૂર્વ સ્મૃતિ

આપણે આ સ્થળમાં પણ હતા.
તમે હતા શંકરાચાર્ય, તમે હતા શંકર ... આપણે

અતીતકાળ થકી ગાયેલું દિવ્ય પ્રીતનું ગીત,
વિવિધ વેશમાં, વિવિધ સ્થળોમાં પાઈને નવનીત,
ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમે હતી આપણી પ્રભા ... આપણે

જગતકાજ જન્મ્યાં, જીવ્યાં ને અંતે થયાં વિલીન,
સંસ્કૃતિ કેરા ઉષ:કાળથી બજાવીને બીન,
કેવો રસ કેવી ક્રીડા ને કેવી દિવ્ય છટા ! ... આપણે

વંદન પૃથ્વી પ્રેમે તુજને, તારું ગૌરવગાન,
ગાતા રહી અહર્નિશ ફરીએ એક કરીએ પ્રાણ;
એકમેકની સંનિધિ માંહી હો સાકેત  સદા ... આપણે

* * * * *

**૧૧૨. આશા**

મનની મનમાંહી જ રહી.
પૂરી કથા શક્યો ન કહી, પૂરો ભાવ શક્યો ન લહી ... મનની

મળ્યા આપણે એક પરબ પર, મળી અમીમય આંખ,
વિહારે ચઢ્યાં વિશાળ વ્યોમે ફેલાવીને પાંખ.
ઉડ્યાં ના ઉડ્યાં ત્યાં જ ગયો વખત બધોય વહી ... મનની

અનુભવ્યું અને માણ્યું તે ના વ્યર્થ શકાય કહી,
સંસ્મૃતિ એની રહ્યું સાચવી હૃદય રસાળ વહી.
ફરી ફરી પામીશું જીવન મળતાં નિત્ય અહીં ... મનની

* * * * *

**૧૧૩. એક માંગુ છું**

એક માગું છું, બસ એક માગું છું
કૃપાનું કિરણ, બસ એક માગું છું.

આસપાસ અંધકાર વ્યાપી છે ગયો,
સુર્યનો પ્રકાશ પૂરો અસ્ત છે થયો,
જાણું ના કે છાયામહીં ક્યાં હું ભાગું છું ... કૃપાનું કિરણ

બીન બધાં બંધ બન્યા વાગતાં નથી,
તાર ના સંધાય હવે થાક્યો છું મથી,
શ્રધ્ધા ભરી આશ લઈ હું જ વાગું છું ... કૃપાનું કિરણ

તમારો ભંડાર કદી ખૂટતો નહીં,
માગી રહ્યો કોડી માત્ર આવીને અહીં,
વારંવાર પ્રાર્થું તો ના ઠીક લાગું છું ... કૃપાનું કિરણ

વરસો એકાદ બિંદુ તોય ચાલશે,
પ્રાણ મારો ધન્યતામાં નિત્ય મ્હાલશે,
તમારા જ પ્રેમ જગે રોજ જાગું છું ... કૃપાનું કિરણ

* * * * *

### ૧૧૪. પોતાના પ્રિયને પરિત્યાગે

પોતાના પ્રિયને પરિત્યાગે તે પરમપ્રિયને પ્રાપ્ત કરે.
કોઈયે અન્યને ના માગે તે ભંડાર થકી પ્રાણ ભરે.

જે છોડી દે છાયાને તે પામી લે શીતળ તરુવરને,
બિંદુને ના આરાધે એ સ્નાન કરે સુંદર સરિત જલે.

અશ્રુ સારે તે હરખાયે, પોકારે તેને પ્રેમ મળે,
સંતપ્ત લભે શાશ્વત શાતા, લૂંટાયે તે લૂંટી લે છે.

જે મમતા ના કરતા તેના પર મમતાની વર્ષા થાયે,
નીરસતામાં નાસે નિશદિન તે રસસ્વરૂપ બની જાયે.

દ્વાર બધાં બંધ કરે છે જે મંદિર તેનું ઉઘડે આખર,
આરાધે તે આરાધ્ય બને આગળ આવે રહેતા પાછળ.

મૃત્યુ પામે નવજીવનથી એ મંગલ ઉત્સવ નિત્ય કરે,
પૂજે તે પૂજાપાત્ર બને, ઠારે તે કાયમ કાજ ઠરે.

* * * * *

## ૧૧૫. મોતી

અમે સ્વૈરવિહાર રહેલા કરી,
        મારગમાં ગયું મોતી મળી.

અમે વડલે વિમાસો કરતા હતા,
આહ ઉની ઉની જરી ભરતા હતા,
ત્યાં સ્વર્ગીય વહી શી લહરી ... મારગમાં ગયું મોતી મળી.

અમે વનમાં વનસ્થલીને પામ્યા,
સંતાપ અમારા સૌ શામ્યા,
પ્રાણ રહ્યો જાડય સમસ્ત હરી ... મારગમાં ગયું મોતી મળી.

અમે મરુભોમે પૂજારી શા,
તમે પ્રેમ કરી એમાં પ્રકટ્યાં,
મંદિર સર્જાયું મૂર્તિ વરી ... મારગમાં ગયું મોતી મળી.

અમે શોધી રહેલા વરસોથી,
તે પામ્યા અમૃત લોકોથી,
હવે ફરવાનું ના રહ્યું ફરી ... મારગમાં ગયું મોતી મળી.

અમે એને ના છોડીશું હવે,
દળદર ફેડીશું બધું ભવે,
આશા નૈરાશ્યે આજ ફળી ...મારગમાં ગયું મોતી મળી.

* * * * *

### ૧૧૬. પ્રશ્ન

તમે પૂછો હું છું કોનો, થઈ કોનો શકું છું હું ?
વિચારી તો જુઓ ક્ષણ બે, તમારા વિના કોનો છું ?

કિરણ રવિનાં રવિતણાં છે, પરિમલ પુષ્પની સાથે;
સુગંધી, ધરાતણી નિશદિન સલિલ સરિતા તણું લાગે.

સુહાયે જ્યોતિ દીપકની, સુધાકરની વળી જ્યોત્સના;
તજી તમને જઉં ક્યાં હું તમારા વિણ રહે પણ શું ?

પ્રણયના મધુર મંદિરમાં સ્થપાયે મૂર્તિ એકાકી;
રહે મમતા અજર આસક્તિ આંશિક પણ નહીં બાકી.

તમે સર્વે સ્થળે સૌ કાળમાં ક્રીડા કરી મંગલ;
તમારાથી નવીન બન્યું મહારું જિંદગી જંગલ.

કરીએ બે બની લીલા છત્તાંયે મૂળ તો એક જ;
તમે મારાં અને હું, હું તમારો, તમે કેવળ છું.

* * * * *

### ૧૧૭. ખોવાઈ ગયું

ખોવાઈ ગયું કાંઈ ખોવાઈ ગયું,
જોવું ના હતું છતાંયે જોવાઈ ગયું.

સ્વરૂપ સુધાસભર નજરે પડ્યું,
મનને મોહાવું ન્હોતું, મોહાઈ ગયું.

આતમની ઓળખાણે કાંઈક કહ્યું,
મુખડું મધુર હૈયે સોહાય રહ્યું.

ખોવાઈ ગયું કાંઈ ખોવાઈ ગયું,
રોવું હતું નહીં તોયે રોવાઈ ગયું.

વિહંગોએ પ્રીત કરી પિંજરે રહી,
સરિતાને સાગરશી વ્યોમ ને મહી.



કૈવલ્ય શું કાળજામાં કોરાઈ રહ્યું,
સ્વર્ગ સુખ સાકેતથી ચોરાઈ ગયું.

* * * * *

**૧૧૮. ક્યાં જઈએ ?**

તમારા વિના હવે અમે ક્યાં જઈએ !
બીજા કોના કહોને થઈએ !

પ્રકટેલી પ્રીત નહીં પ્રાણે અમારા ત્યારે
કાળજું કુંવારું કહેવાતું;
બદલાયો ખેલ પછી પાત્ર પલટાઈ ગયાં,
એકલું નથી રહેવાતું
દૈવી દરદ સદાયે સહિયે ... તમારા વિના

સ્વર્ગ છો તમે ને તમે મુક્તિ અમારી,
રિદ્ધિ સિદ્ધિ ને નિધિ ન્યારી,
જીવન છો, ચેતના છો, આતમ છો અંગ કેરા,
અમે તો ક્યારી તમે માળી,
છોડી તમોને કહો ક્યાં રહિયે ? ... તમારા વિના

વ્હાલની તમારી વેણુ વાગી રહી છે હૈયે,
તમારો જ સંભળાયો સાદ;
સરિતાને સાગરના સંગમને માટે
જાગ્યો એક અનાહત નાદ.
તમને દાન બધુંયે દઈએ ... તમારા વિના

* * * * *

**૧૧૯. રાધા કરે**

રાધા કરે કૃષ્ણને યાદ

કામણગારા કૃષ્ણ પણ કરે એથીયે વધુ યાદ,
શ્વાસોશ્વાસે પાડે નિશદિન રાધા રાધા સાદ ... રાધા કરે

ધ્યાન કા’નનું ધરે રાધિકા, કા’ન પણ ધરે ધ્યાન,
કીર્તન કરે કૃષ્ણનું, કીર્તન કરે નિરંતર કા’ન ... રાધા કરે

રસેશ્વરી રસના નિધાનને ઝંખે ભૂલી ભાન,
ઝંખે એને સદા રસેશ્વર પીડા સહતાં પ્રાણ ... રાધા કરે

રીત પ્રીતની પવિત્ર એવી બની રાધિકા શ્યામ,
શ્યામ બન્યાં રાધામય રટતાં રસભીનીનું નામ ... રાધા કરે



* * * * *

## ૧૨૦. છૂટાં પડી શકો છો

છૂટાં પડી શકો તો છૂટાં પડી શકો છો.

દિલમાં તમોને સ્થાપ્યાં, મમતાની સાથે માપ્યાં,
છો રોમરોમ વ્યાપ્યાં, ક્યાંથી જશો હવે તો ?

તોયે કહો તમે કે છૂટાં હવે પડીશું,
આ કાળના પ્રવાહે ક્યારે કહો મળીશું !
ના દેશકાળ પાડે છૂટાં કદીય ઉરને,
તન છો પડે અલગ પણ રાખીશું સાથ મનને.

તપના પવિત્ર તીર્થે સંયમતણી સુ-સરિતા,
મંદિર રચ્યું પ્રણયનું ગાતાં રસાળ કવિતા,
પૂજીશું પ્રેમે નિશદિન, ત્યાં આરતી ઉતારી
નૈવેદ્ય દિવ્ય ધરશું નિયમો સમસ્ત પાળી.

પ્રતિપળ સમીપ શ્વાસોશ્વાસે મળી રહીશું,
સરિતા ને સિંધુસરખાં સંગમમહીં વહીશું,
હું તો પડી શકું ના, જાણો તમે તમારી,
હૃદયે સદા રમો છો, ક્યાંથી ને ક્યાં જશો આ.

* * * * *

**૧૨૧. યાદ રાખજો પ્રીત**

અમારી યાદ રાખજો પ્રીત !

નીરસ લાગે ભલે તમોને, હોયે ભલે લગીર;
મૂલ્ય અમારે મન તો મોટું, અંગનું એકલ ચીર ... અમારી


રંક અમારે મુક્તામણી, અમૃત તૃષાભર્યા અમને
સ્વર્ગ અમારે પારિજાત એ, અંધનું લોચન છે !
એના થકી ટકે જીવન આ, એ જ અમારે મીત;
એના થકી તમોને જાણી પામી કરતાં પ્રીત ... અમારી

આજ તમારે શીતસુવાસિત ચરણે ઢાળી શીશ,
આંખ ભરીને જોતાં કહિયે હૃદયે વસજો નિત !
નેહભરેલ નયન સામેથી ખસજો નહિ કવચિત,
યાદ કરીને પુલકિત બનજો, કદિ કદિ વ્હેજો નીર ... અમારી

* * * * *

**[ સમાપ્ત ]**

# ABOUT THE AUTHOR



(Aug 15th 1921 - Mar 18th 1984)

Author of more than hundred books, Mahatma Shri Yogeshwarji was a self-realized saint, an accomplished yogi, an excellent orator and an above par spiritual poet and writer. In a fascinating life spanning more than six decades, Shri Yogeshwarji trod the path of spiritual attainments single handedly. He dared to dream of attaining heights of spirituality without guidance of any embodied spiritual master and thus defied popular myths prevalent among the seekers of spiritual path. He blazed an illuminating path for others to follow.

Born to a poor Brahmin farmer in a small village near Ahmedabad in Gujarat, Shri Yogeshwarji lost his father at the tender age of nine. He was taken to a Hindu orphanage in Mumbai for further studies. However, God's wish was to make him pursue a different path. He left for Himalayas early in his youth at the age of 20 and thereafter made holy Himalayas his abode for penance for nearly two decades. During his stay there, he came across a number of known and unknown saints and sages. He was blessed by divine visions of many deities and highly illumined souls like Raman Maharshi and Sai Baba of Shirdi among others.

Yogeshwarji's experiences in spirituality were vivid, unusual and amazing. He succeeded in scaling the highest peak of self-realization resulting in direct communication with the Almighty. He was also blessed with extraordinary spiritual powers (siddhis) illustrated in ancient Yogic scriptures. After achieving full grace of Mother Goddess, he started to share the nectar for the benefit of mankind. He traveled to various parts of India as well as abroad on spiritual mission where he received enthusiastic welcome.

He wrote more than hundred books on various subjects and explored all form of literature. His autobiography 'Prakash Na Panthe' - much sought after by spiritual aspirants worldwide, is translated in Hindi as well as English. A large collection of his lectures in form of audio cassettes are also available.

For more than thirty years, Yogeshwarji kept his mother (Mataji Jyotirmayi) with him. Yogeshwarji was known among saints of his time as Matrubhakta Mahatma. Shri Yogeshwarji left his physical body on March 18th 1984, while delivering a lecture at Laxminarayan Temple, Kandivali in Mumbai.

Shri Yogeshwarji left behind him a spiritual legacy in the form of Maa Sarveshwari. It has been ages since we have come across a saint of Yogeshwarji's caliber and magnitude. His manifestation will continue to provide divine inspiration for the generations to come.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

**આત્મકથા** પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity

**અનુવાદ** રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં ▪ હિમગીરીમાં યોગી

**અનુભવો** દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना**

**કાવ્યો** અક્ષત ▪ અનંત સૂર ▪ બિંદુ ▪ ગાંધી ગૌરવ ▪ સાંઈ સંગીત ▪ સનાતન સંગીત ▪ તર્પણ ▪ Tunes unto the infinite

**કાવ્યાનુવાદ** ચંડીપાઠ ▪ રામચરિતમાનસ ▪ રામાયણ દર્શન ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ શિવ પાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ વિષ્ણુસહસ્ત્રનામ

**ગીતો** ફૂલવાડી ▪ હિમાલય અમારો ▪ રશ્મિ ▪ સ્મૃતિ

**ચિંતન** બ્રહ્મસૂત્ર ▪ ગીતા દર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી ▪ શ્રીમદ્ ભાગવત ▪ યોગ દર્શન

**લેખ** આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Gita ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ પ્રભુ પ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ તીર્થયાત્રા ▪ યોગમિમાંસા

**ભજનો** આલાપ ▪ આરતી ▪ અભિપ્સા ▪ દ્યુતિ ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ

**જીવનચરિત્ર** ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય

**પ્રવચનો** અમર જીવન ▪ કર્મયોગ ▪ પાતંજલ યોગ દર્શન

**પ્રસંગો** ધૂપ સુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંત સમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ

**પત્રો** હિમાલયનાં પત્રો

**પ્રશ્નોત્તરી** અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન

**નવલકથા** આગ ▪ અગ્નિપરીક્ષા ▪ ગોપીપ્રેમ ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ કૃષ્ણ રુકમિણી ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ પરિક્ષિત ▪ પરિમલ ▪ પ્રીત પુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગોનુયોગ

**સુવાક્યો** પરબડી ▪ સર્વમંગલ

**વાર્તાઓ** રોશની

*